[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

Issued by the authority of
the President.


કૃષ્ણવાણી.



છપાવી પ્રગટ કરનાર

અલીમામદ જાનમામદ ચુનારા

ઓનરરી સેક્રેટરી એજ્યુકેશનલ ડિપાર્ટમેન્ટ



ધી રીક્રીએશન ક્લબ ઇન્સ્ટીટ્યુટ

કાન્ડી મોહુલા જેલ રોડ, પો. નં. ૯ મુંબઇ.



સને ૧૯૨૩. પ્રત ૨૦૦૦. સંવત ૧૯૭૯.

શ્રી કૃષ્ણ પ્રીં. પ્રેસમાં રતિલાલ હરજીવન પટેલે

છાપ્યું નં. ૯, અનંતવાડી-મુંબઇ.

Issued by the authority of
the President.

હું એ કોણ?



એક, "હું" એ કોણ? અને આ શા માટે? બીજી તરફ દુન્યા કહે છે, "હું" એ મુસ્લીમ; તો મુસ્લીમ તે આવું કરે? નહીં. ત્રીજે કેટલાક કહે છે કે, "હું" એ હિન્દુ; એ શું ખરૂં છે? હા, એ બન્ને કહેનારાઓ ખરૂં કહે છે. ત્યારે તેનો ભેદ શો? માત્ર એટલુંજ કે એક ભૂતકાળ ભાંખે છે, જયારે બીજો વર્તમાન કાળ કહે છે. કહો એ બેમાંથી ખોટું કોણ? કોઇ નહિ. પણ ખરૂં જોતાં "હું" એ ભૂતકાળ ભૂલી ગયો છું તેનું કારણ "કૃષ્ણવાણી" सर्वधर्मान्परित्यज्य.

એ સૂત્ર સમજીને, સમજાયું કે, જયાં એ "દિવ્યશક્તિ" પ્રકાશમાન, ત્યાં તેનો પ્રતિબિંબ.

ત્યારે મારે અભાવ કેનાથી? કોઇથી નહિ. કારણ કે "હું" સર્વ છું. વાહા એ વળી નવું કૌતક શું? હા જુઓ "**લા ઇલ્લાહ ઇલલ્લાહ મુસા કલીમુલ્લાહ**" મારો યકીન છે, તેમ "હું" એ કહેવાને બંધાયલો છું, તેથી બની ઇસરાઇલ ઠર્યો તેથી આગળ વધ્યો ત્યારે કહેવા લાગ્યો, "**લા ઇલ્લાહ ઇલલ્લાહ ઇસા રૂહુ અલ્લાહ**" જેમ કહેવાને કબુલ કરૂં છું, એટલે. ઇસાઇ ગણાયો. ત્યારે હાલ "**લા ઇલ્લાહ ઇલલ્લાહ મહમદ રસુલીલ્લાહ**" એ તો દરેક વખતે કહું છું. એટલે, મુસ્લીમ તો છુંજ. એટલો એકરાર કર્યો પછી મારે વ્યાખ્યા તો કરવીજ પડશે, ને એ કે, મારો જીવાત્મા (અરવાહ) તો ઘણો જૂનો છે, ત્યારે આ દ્રષ્ટિ એ પડતો તેનાપર પડેલો પડદો (સ્થૂળ શરીર) ફક્ત નવીન છે. એવા પડદાં તો અનેક પડી ચુકયાં, અને

પુરાણાં થતાં પાછા તે છિન્ન ભિન્ન થઇ ગયાં. એટલા પરથી "હું" ને પૂર્વનો ભાસ થાય છે, કે ન તો આ સૃષ્ટિ હતી, ન કોઇ મનુષ્ય (આદમ) હતો, ત્યારે પણ "હું" એ હતો. જ્યારે સૃષ્ટિ બની અને તે પર જીવ (અરવાહ) એ પડદામાં આવ્યો; ત્યારે પ્રથમ "હું" એ હિન્દુવાડામાં પુરાયો; વખત બદલાયો; **દિવ્યશક્તિ** એ આગળ વધી; "હું" એ પાછળ પડ્યો ત્યારે બની ઇસરાઇલમાં આવ્યો. વખત વહી ગયો ઝમાનો બદલાયો, **જ્યોતિ** પેઢી દર પેઢી આગળ વધી. "હું" એ પાછળ થયો. ત્યારે "તું" એ હજરત ઇસા સુધી આવ્યો. જ્યારે "હું" એ ઇસાઇઓમાં ગણાયો. આગળ વધ્યો, આગળ ચાલ્યો, આગળ જોયું. આગળ તપાસ્યું તો "કૃષ્ણવાણી" એ સમજાયું "**संभवामि युगे युगे**" એટલે યુગે યુગે પ્રગટ

થાઉધું. એથી ભકતો સાથે રહી સંજોગો વચ્ચે સમગ્ર સંસારની નજરે ચડું છું. ત્યારે તેની ગણત્રી શું ?

હા! ચાર યુગો મંડાયા અને દસ અવતારો લખાયા. વિશેષમાં વેદ વચને ચાર વર્ણાસર્મો બંધાયાં તેનાં કર્મો પ્રમાણે ચાર ધર્મો સ્થપાયા. યુગ પ્રમાણે "**દિવ્યશક્તિ**" વારે ફરતી વર્ણમાં પ્રગટ થઇ. ત્રણ યુગો વહી ગયાં સતયુગ, ત્રેતાયુગ, અને દુવાપુર ત્યારે આ કળિયુગ એ બળવાન છે. ત્રણ વર્ણોનો પ્રભાવ ગયો. બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈસ્ય જ્યારે આ શૂદ્રનો સમય છે. નવ અવતાર સંપૂર્ણ થયા. છેવટ દશમાં નકળંક (કલંક રહિત) નો પ્રકાશ છે, યુગ બેઠો ને નકળંક ન આવ્યો એમ બને નહિ, એટલું સમજાતાં "હું" એ "**પ્રકાશ પર પ્રકાશ**" (નુરુન અલાનૂરિન) પછવાડે દોડયો. જ્ઞાતિના

બંધન આવ્યા તેને તોડી પાડયા. લોકલજ્જા આડે આવી તેને આગ લગાડી ભ્રમણાનાં આવરણો ઉભા થયાં તેને પાડી દીધાં ને આગળ વધીને છેલ્લે આરે આવી બેઠો ત્યાં "**મમ**" (હ. મહમદ સ૦) તીરથમાં નાહયો, જેથી ઓમ્ ચલીને એકજ સ્વરૂપમાં દીઠાં. એ સમજાતાં ઓમ્નાં આંકડાનું અનુમાન થયું, ફરી આગળ વધ્યો ત્યારે અરબ (શૂદ્ર) અરણ્યમાં વંશપરંપરા ઉતરતી આવેલી "**દિવ્યશક્તિ**" દ્રષ્ટિ એ ચડી તેના પરાક્રમો ભાખ્યાં તેથી "હું" એ પ્રકાશ-માન બન્યો, અને "તું" ને વળગી પડયો ત્યારે શું થયું? આનંદ! શું અનુભવ્યું? ઉછરંગ! કયાં પહોચ્યો? અભય સ્થાન! હવે "હું" એ અભય ટેકરે ઉભો રહી પુકારવા લાગ્યો કે, હે વાડાઓમાં પુરાગેલાં જીવાત્માઓ બહાર આવો, અને જુઓ, સર્વ સૃષ્ટિ તમારી

છે. તમો સૃષ્ટિવાસીઓના છો. જુદા ન પડો, એક થાઓ, અને ભૂતકાળમાં વાટ જોતાં અટકી પડેલાંઓ આગળ વધો. ગયા વખતને વિસારી દ્યો, ચાલુ સમયને વળગી પડો, અને અથર્વ વેદની અલ્લોપનિષદને શ્રવણ ધરો, તો સમજાશે કેઃ—

યુગમાંથી અંધારૂં ટાળશે
અને કરશે એકજ વરણ
અથર્વ વેદમાંહે એમ ભાખ્યાં
સર્વે હોએસે નબીજીને શરણ

મહાત્મા પીર સદરૂધીન.

લખનાર-હું હું.



THE RECREATION CLUB INSTITUTE

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા.

અધ્યાય ૪ થો.



अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन्।
प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया॥

હું અજન્મા અવ્યયાત્મા અને ભૂત માત્રનો ઇશ્વર છતાં, મારી પ્રકૃતિનું અધિષ્ઠાન લઇને માયાથી અવતરૂં છું. ૬

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।
अभ्युत्थनामधर्मस्य तदात्मानं सृजाम्यहम्॥

જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મનું બળ વધે છે ત્યારે ત્યારે હું અવતાર ધારણ કરૂં છું. ૭

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे॥ ८

સાધુઓનું સંરક્ષણ કરવા, દુષ્ટોનો વિનાશ કરવા તથા ધર્મનું સ્થાપન કરવા માટે હું યુગે યુગે *અવતાર લેઉં છું. ૮

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन।

જે પુરુષ મારા દિવ્ય જન્મ અને દિવ્ય કર્મને યથાર્થ જાણે છે તે દેહાંતે પુનર્જન્મ પામતો નથી પણ હે અર્જુન! તે મનેજ આવી મળે છે. ૯

---

* I am born from age to age.
* હું પેઢી દર પેઢી અવતરું છુ.

वीतरागभयक्रोधा मन्मया मामुपाश्रिताः ।
बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ।

જેના રાગ, ભય અને ક્રોધ છૂટી ગયેલા છે, જે મન્મય થયેલ છે અને મારોજ આશ્રય કરી રહેલા છે તેવા ઘણાક જ્ઞાન અને તપથી પવિત્ર થયેલા પુરુષો મારા ભાવને પામ્યા છે. ૧૦

ये यथा मां प्रपद्यंते तांस्तथैव भजाम्यहम् ।
मम वर्त्मानुवर्तंते मनुष्याः पार्थ सर्वशः ॥

જે મને જેવી રીતે ભજે છે તેને તેવી રીતે હું પણ ભજું છું. હે પાર્થ ! મનુષ્યો સર્વ રીતે મારા માર્ગને અનુસરે છે. ૧૧



અધ્યાય ૭ મો.

—— :०: ——

नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ।
मूढोऽयं नाभिजानाति लोको मामजमव्ययम् ॥

યોગમાયાથી ઢંકાયેલો હોવાથી હું સર્વને દેખાતો નથી તેથી મુઢ લોક અજ ન જન્મતો અને અવિકારી એવા મને જાણતા નથી. ૨૫

અધ્યાય ૯ મો.

—— :०: ——

अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम्
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥ ११ ॥

ભૂતોના ઇશ્વર એવા મને, મનુષ્ય દેહધારી જોઇને, મારો ઉત્તમ ભાવ ન જાણનાર મૂઢ લોકો મારી અવજ્ઞા કરે છે. ૧૧

मोघाशा मोघकर्माणो मोघज्ञानाविचेतसः ।
राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः १२

તેઓ વ્યર્થ આશાવાળા, વ્યર્થ કર્મોવાળા, વ્યર્થ જ્ઞાનવાળા અને મૂર્ખ પુરૂષો, રાક્ષસી, આસુરી અને મોહ પમાડનારી પ્રકૃતિનો આશ્રય કરેછે. ૧૨

અધ્યાય ૩ જો.

——:o:——

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि॥२२॥

હે પાર્થ ! ત્રણે લોકમાં મારે કંઈ કર્તવ્ય નથી; તેમ કંઈ ન મળેલું એવું મેળવવાનું નથી, તથાપિ હું કર્મ કર્યા કરૂં છું: ૨૨

यदि ह्यहं न वर्त्तेयं जातु कर्मण्यतन्द्रितः ।
ममवर्त्मानुवर्त्तन्ते मनुष्याः पार्थ सर्वशः॥२३॥

આળસ તજીને, જેમ હું નિત્ય કર્મમાં વર્તું છું; જો તેમ ન વર્તું તો હે પાર્થ ! મનુષ્યો તરતજ મારૂં અનુકરણ કરવા માંડે. ૨૩

उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् ।
संकरस्य च कर्त्ता स्यामुपहन्यामिमाःप्रजाः२४

જો હું કર્મ ન કરૂં તો આ લોક ઉચ્છિન્ન થાય અને હું વર્ણસંકરનો કર્તા ગણાઉં તથા આ પ્રજાનો નાશ કરનાર થાઉં. ૨૪

અધ્યાય ૭ મો

—:o:—

एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय ।
अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ।

સર્વ ભૂત એમાંથીજ ઉત્પન્ન થાય છે એમ નિશ્ચય જાણ. બંને પ્રકૃતિઓ મારી હોવાથી આખા જગતની ઉત્પત્તિ તેમજ પ્રલય એટલે હુંજ છું ૬

रसोऽहमप्सु कौन्तेय प्रभास्मि शशिसूर्ययोः।
प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ॥

હે કૌંતેય ! જલમાં હું રસ તન્માત્રારૂપ છું. ચંદ્ર અને સૂર્યમાં પ્રભારૂપ છું, સર્વ વેદોમાં પ્રણવ છું, આકાશમાં શબ્દતન્માત્રા અને નરમાં પૌરુષરૂપ પણ હુંજ છું. ૮

पुण्यो गन्धः पृथिव्यां च तेजश्चास्मि विभावसौ
जीवनं सर्वभूतेषु तपश्चास्मि तपस्विषु ॥

વળી પૃથ્વીમાં પવિત્ર ગંધ તન્માત્રા હું છું. તેમજ અગ્નિમાં તેજ તન્માત્રા હું છું, સર્વ ભૂતોમાં જીવન હું છું, અને તપસ્વીઓમાં તપ પણ હું જ છું. ૯

बीजं मां सर्वभूतानां विद्धि पार्थ सनातनम्।
बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम् ॥

હે પાર્થ ! મને સર્વ ભૂતોનું સનાતન બીજ જાણ. બુદ્ધિમાનની બુદ્ધિ હું છું તથા તેજસ્વીનું તેજ પણ હું છું ૧૦

बलं बलवतामस्मि कामरागविवर्जितम् ।
धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ॥

હે ભરતવર્ષભ ! બળવાનનું કામરાગવિવર્જિત બળ હું છું અને ભૂતમાત્ર સર્વ પ્રાણીમાં ધર્મથી અવિરુદ્ધ કામ તે પણ હું જ છું. ૧૪

ये चैव सात्त्विका भावा राजसास्तामसाश्च ये।
मत्त एवेति तान्विद्धि न त्वहं तेषु ते मयि॥

વળી જે જે સાત્વિકભાવ છે, તથા જે જે રાજસભાવ છે, તેમ જે જે તામસભાવ છે, તે સર્વ મારાથી ઉત્પન્ન થયેલા છે એમ જાણ. હું તેમનામાં નથી, પણ તે મારામાં છે. ૧૨

त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ।
मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम्॥

ત્રિગુણમય વિકારી પદાર્થોથી મોહિત થયેલું આ સકળ જગત એ સર્વ ત્રિગુણથી પર અસ્પૃટ અને અવિકારી એવો જે હું તેને ઓળખતું નથી ૧૩

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥

આ મારી ત્રિગુણમયી દૈવી માયા દુસ્તર છે. જે મારેજ શરણે આવે છે તેઓ, એ માયાને તરી જાય છે. ૧૪

अव्यक्तं व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः ।
परं भावमजानन्तो ममाव्ययमनुत्तमम् २४

બુદ્ધિરહિત લોક, મારો અવ્યય અને અત્યુત્તમ પરમભાવ ન જાણતાં, હું જે અવ્યક્ત છું તેને વ્યક્ત થયેલો બીજો કોઈ સાધારણ જીવ માને છે. ૨૪

नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ।
मूढोऽयं नाभिजानाति लोको मामजमव्ययम् ।

યોગમાયાથી ઢંકાયેલો હોવાથી હું સર્વને દેખાતો નથી તેથી આ મૂઢ લોક, અજ, ન જન્મતો અને અવિકારી એવા મને જાણતા નથી ૨૫

वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ।
भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन ॥

હે અર્જુન ! હું થઇ ગએલાં, થતાં, તેમજ થનાર સર્વ ભૂતને જાણું છું, પણ મને તો કોઇ જાણતું નથી. ૨૬

અધ્યાય ૯ મો.

—— :o: ——

मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना ।
मत्स्थानि सर्वभूतानि नचाहं तेष्ववस्थितः ॥

મેં મારા અવ્યક્ત સ્વરૂપથી આ સર્વ જગત્ વ્યાપી લીધેલું છે, ભૂત માત્ર મારામાં છે, પણ હું તેઓમાં નથી. ૪

न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम् ।
भूतभृन्न च भूतस्थो ममात्मा भूतभावनः ॥

વળી ભૂતો મારામાં નથી એવું મારૂં યોગ ઐશ્વર્ય-અદ્ભુત પ્રભાવ જો મારો આત્મા ભૂતોની ઉત્પત્તિ કરતો તથા સ્થિતિ રાખતો હોવા છતાં ભૂતોમાં સ્થિત નથી. ૫

यथाकाशस्थितो नित्यं वायुः सर्वत्रगो महान्।
तथा सर्वाणि भूतानि मत्स्थानीत्युपधारय॥

જેમ બધે ઠેકાણે જતો તથા મોટા પરિમાણ-વાળો વાયુ આકાશમાં રહે છે તેમ સર્વ ભુતો મારામાં રહેલાં છે. ૬

सर्वभूतानि कौन्तेय प्रकृतिं यान्ति मामिकाम्
कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम्।

હે કૌંતેય! કલ્પને અંતે સર્વ ભૂતો મારી ક્રિયાશક્તિરૂપ પ્રકૃતિમાં લય પામે છે અને નવા કલ્પના આરંભમાં હું તેમને પાછાં ઉત્પન્ન કરૂં છું. ૭

प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः।
भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात्॥

મારી પ્રકૃતિનું અવલંબન કરીને હું ફરી-ફરીને તેના બળથી પરવશ થયેલા આ ભૂત ગ્રામને કલ્પારંભે ઉત્પન્ન કરૂં છું. ૮

न च मां तानि कर्माणि निबध्नन्ति धनंजय ।
उदासीनवदासीनमसक्तं तेषु कर्मसु ॥

હે ધનંજય ! કર્મો પ્રતિ ઉદાસીન રહેલો
અને ફળની ઇચ્છા નહિ રાખનાર એવો જે હું
તેને કર્મો બંધન કરતાં નથી. ૯

मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।
हेतुनानेन कौन्तेय जगद्विपरिवर्तते ॥

હું અધ્યક્ષથી મારા ઉપરીપણા નીચે, પ્રકૃતિ
છે । સ્થાવર જંગમ જગતને ઉત્પન્ન કરે છે.
હે કૌંતેય ! આ હેતુથીજ જગત પરિણામ
પામે છે. ૧૦

अहं क्रतुरहं यज्ञः स्वधाहमहमौषधम् ।
मन्त्रोऽहमहमेवाज्यमहमग्निरहं हुतम् ॥

હું ક્રતુ છું, હું યજ્ઞ છું, હું સ્વધા છું, ઔષધ છું, મંત્ર છું, ઘી છું, અગ્નિ છું ને હું જ વળી હુતરૂપ પણ છું ૧૬

पिताहमस्य जगतो माता धाता पितामहः।
वेद्यं पवित्रमोंकार ऋक् साम यजुरेव च ॥

આ જગતનો પિતા, માતા, ધાતા અને પિતામહ પણ હું છું. પવિત્ર જ્ઞાન, ઓંકાર ઋગ્વેદ, સામવેદ, અને યજુર્વેદ પણ હું છું ૧૭

गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत्।
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम्॥

ગતિ, ભર્ત્તા, પ્રભુ, સાક્ષી, નિવાસ, શરણ, સુહૃદ, ઉત્પત્તિ, સંહાર, આધાર, નિધાન, અને અવિકારી બીજ પણ હું જ છું. ૧૮.

तपाम्यहमहं वर्षं निगृह्णाम्युत्सृजामि च ।
अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन ॥

હે અર્જુન! જગતને હું તપાવું છું, હું વરસું છું, હું બાંધું છું ને હુંજ મૂકું છું, તેમજ અમૃત-જીવન, મૃત્યુ, સત્ અને અસત્ પણ હુંજ છું. ૧૯.

अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ।
न तु मामभिजानन्ति तत्त्वेनातश्च्यवन्ति ते॥

સર્વ યજ્ઞનો ભોક્તા અને સ્વતંત્ર સ્વામી હુંજ છું. સકામ લોકો મારા ખરા સ્વરૂપથી અને યથાર્થ જાણતા નથી તેથી તેમનું પતન થાય છે. ૨૪.

અધ્યાય ૧૦ મો.

—:•:—

यो मामजमनादिं ज वेत्ति लोकमहेश्वरम् ।
असंमूढः समर्त्येषु सर्वपापैः प्रमुच्यते ॥

હું અજન્મા, અનાદિ અને લોકોનો ઇશ્વર છું એમ જે મને જાણે છે, તે મૃત્યુલોકમાં સંમોહથી રહિત થઇ સર્વ પાપોથી મુક્ત થાય છે. ૩.

अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्त्तते
इति मत्वा भजन्ते मां बुधा भावसमन्विताः ॥

સર્વનો પ્રભવ મૂળ હેતુ હું છું અને મારાથી સર્વ સૃષ્ટિચક્ર પ્રવર્તે છે, એમ જાણીને ભાવ યુક્ત બુદ્ધિમાનો મને ભજે છે. ૮.

अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः ।
अहमादिश्च मध्यं च भूतानामन्त एव च ॥

હે ગુડાકેશ! સર્વ દેહીઓના હૃદયમાં રહેલો પ્રથમ આત્મા હું જ છું, તેમ ભૂતોનાં આદિ મધ્ય અને અંત પણ હું જ છું ૨૦.

आदित्यानामहं विष्णुर्ज्योतिषां रविरंशुमान्।
मरीचिर्मरुतामस्मि नक्षत्राणामहं शशी॥२१

આદિત્યોમાં વિષ્ણુ હું છું, પ્રકાશ કરનારા-ઓમાં-જ્યોતિશ્ચક્રમાં કિરણોવાળો રવિ છું. મરુતોમાં દેવોમાં મરીચિ હું જ છું અને નક્ષત્રોમાં ચન્દ્રમા પણ હું છું. ૨૧.

वेदानां सामवेदोऽस्मि देवानामस्मि वासवः।
इन्द्रियाणां मनश्चास्मि भूतानामस्मि चेतना ॥

વેદોમાં સામવેદ હું, દેવોમાં ઇન્દ્ર હું, એકાદશ ઇંદ્રિયોમાં મન હું, અને ભૂતોમાં ચેતના પણ હું જ છું ૨૨.

रुद्राणां शंकरश्चास्मि वित्तेशो यक्षराक्षसाम् ।
वसूनां पावकश्चास्मि मेरुः शिखरिणामहम् ॥

રુદ્રોમાં શંકર હું, યક્ષ અને રાક્ષસોમાં કુબેર હું, વસુઓમાં અગ્નિ હું અને ગિરિઓમાં મેરૂ હું જ છું. ૨૩.

पुरोधसां च मुख्यं मां विद्धि पार्थ बृहस्पतिम् ।
सेनानीनामहं स्कन्दः सरसामस्मि सागरः ॥

હે પાર્થ ! પુરોહિતોમાં મુખ્ય બૃહસ્પતિ એવો મને જ જાણ, અને સેનાપતિઓમાં કાર્તિકસ્વામિ તેમ જળાશયોમાં સાગર પણ હું જ છું. ૨૪

महर्षीणां भृगुरहं गिरामस्म्येकमक्षरम् ।
यज्ञानां जपयज्ञोऽस्मि स्थावराणां हिमालयः ॥

મહર્ષિઓમાં ભૃગુ વાણીમાં એક અક્ષરરૂપ તે હું યજ્ઞોમાં જપયજ્ઞ હું, અને સ્થાવરોમાં હિમાલય તે પણ હું જ છું. ૨૫

अश्वत्थः सर्ववृक्षाणां देवर्षीणां च नारदः।
गन्धर्वाणां चित्ररथः सिद्धानां कपिलो मुनिः

સર્વ વૃક્ષોમાં પીપળો, દેવર્ષિઓમાં નારદ, ગંધર્વોમાં ચિત્રરથ, અને સિધ્ધોમાં કપિલ, મુનિ તે પણ હુંજ છું. ૨૬.

उच्चैःश्रवसमश्वानां विद्धि माममृतोद्भवम् ।
ऐरावतं गजेन्द्राणां नराणां च नराधिपम् ॥

સમુદ્ર મથન થતાં અમૃત સાથે ઉત્પન્ન થયેલો અશ્વોમાં શ્રેષ્ઠ ઉચ્ચૈઃશ્રવા, ગજેંદ્રોમાં ઐરાવત. અને પુરુષોમાં રાજા તે પણ હું છું, એમ મને જાણ. ૨૭

आयुधानामहं वज्रं धेनूनामस्मि कामधुक् ।
प्रजनश्चास्मि कंदर्पः सर्पाणामस्मि वासुकिः॥

હથિયારોમાં વજ્ર, ગાયોમાં કામધેનુ, અને પ્રજનમાં પુત્ર ઉત્પન્ન કરે-તે સામાં કામદેવ અને સર્પોમાં વાસુકિ હું છું ૨૮.

अनन्तश्चास्मि नागानां वरुणो यादसामहम्।
पितॄणामर्यमा चास्मि यमः संयमतामहम्॥

નાગોમાં અનંત હું, જળચરોમાં અધિકૃત લોકપાલ વરુણ હું, પિતૃઓમાં શ્રાદ્ધમાં મુખ્ય હોવાથી અર્યમા અને સંયમ-શિક્ષા કરનારાઓમાં યમ પણ હું જ છું. ૨૯.

प्रह्लादश्चास्मि दैत्यानां कालः कलयतामहम्।
मृगाणां च मृगेन्द्रोऽहं वैनतेयश्च पक्षिणाम्॥

દૈત્યોમાં પ્રહ્લાદ હું છું. અને ગણત્રી કરનારામાં કાળ હું છું, ચોપગાં પશુઓમાં સિંહ અને પંખીઓમાં ગરુડ પણ હું જ છું. ૩૦.

पवनः पवतामस्मि रामः शस्त्रभृतामहम्।
झषाणां मकरश्चास्मि स्रोतसामस्मि जान्हवी॥

શુદ્ધિ કરનારાંમાં પવન હું છું, શસ્ત્રધારિઓમાં રામ હું છું. માછલાંમાં મગર હું છું અને નદીઓમાં ગંગા પણ હું જ છું. ૩૧.

सर्गाणामादिरन्तश्च मध्यं चैवाहमर्जुन ।
अध्यात्मविद्या विद्यानां वादः प्रवदतामहम्॥

હે અર્જુન! સર્વ સૃષ્ટિનાં ઉત્પત્તિ, સ્થિતિ અને અન્ત હું છું. વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા અને વાદવિવાદ કરનાર પુરૂષોમાં રહેલો વાદ પણ હું છું. ૩૨

अक्षराणामकारोऽस्मि द्वन्द्वः सामासिकस्य च।
अहमेवाक्षयः कालो धाताऽहं विश्वतोमुखः॥

અક્ષરોમાં અકાર, સમાસોમાં દ્વંદ્વ, અવિનાશી, કાળ અને વિશ્વતોમુખ ધાતા પણ હું જ છું ૩૩.

मृत्युः सर्वहरश्चाहमुद्भवश्च भविष्यताम् ।
कीर्तिःश्रीर्वाक्चनारीणांस्मृतिर्मेधा धृतिःक्षमा

સર્વને હરનાર મૃત્યુ અને થનાર પદાર્થોમાં ઉદ્દભવ તથા સ્ત્રીઓમાં કીર્તિ, શ્રી વાક્, સ્મૃતિ, મેધા, ધૃતિ અને ક્ષમા પણ હું છું ૩૪.

बृहत्साम तथा साम्नां गायत्री छन्दसामहम् ।
मासानां मार्गशीर्षोऽहमृतूनां कुसुमाकरः ॥

સામોમાં બૃહત્સામ, છંદોમાં ગાયત્રી, માસોમાં માગશર મહિનો અને ઋતુઓમાં હું વસંતઋતુ છું. ૩૫.

द्यूतं छलयतामस्मि तेजस्तेजस्विनामहम् ।
जयोऽस्मि व्यवसायोऽस्मि सत्त्वं सत्त्ववतामहम्

છલ કરનારાઓમાં ધૂત, તેજસ્વીઓમાં તેજ, જય, ઉદ્યોગ અને સત્ત્વવાળાઓમાં હું સત્ત્વ છું. ૩૬.

वृष्णीनां वासुदेवोऽस्मि पाण्डवानां धनंजयः
मुनीनामप्यहं व्यासः कवीनामुशना कविः॥

વૃષ્ણિઓમાં હું વાસુદેવ, પાંડવોમાં ધનંજય, મનનશીલ મુનિઓમાં વેદવ્યાસ, અને કવિઓમાં શુક્રાચાર્ય પણ હું છું ૩૭.

दण्डो दमयतामस्मि नीतिरस्मि जिगीषताम्।
मौनं चैवास्मि गुह्यानां ज्ञानं ज्ञानवतामहम्॥

દંડ દેનારમાં હું દંડ, જય ઇચ્છનારાઓની નીતિ, ગુહ્ય બાબતોમાં મૌન અને જ્ઞાનીઓનું જ્ઞાન તે પણ હું છું. ૩૮

यच्चापि सर्वभूतानां बीजं तदहमर्जुन।
न तदस्ति विना यत्स्यान्मया भूतं चराचरम्॥

હે અર્જુન! સર્વ ભૂતોનું જે બીજ તે હું છું, અને એવું કોઇ ચરાચર ભૂત માત્રમાં નથી કે જે મારા વિનાનું હોય. ૩૯.

नान्तोऽस्ति मम दिव्यानां विभूतीनां परंतप।
एष तूद्देशतः प्रोक्तो विभूतेर्विस्तरो मया।

હે પરંતપ! મારી દેવતાઇ વિભૂતિઓનો પાર નથી. આ તો મેં મારી વિભુતિનો વિસ્તાર અતિ સંક્ષેપથી તને કહી સંભળાવ્યો છે. ૪૦.

यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंशसंभवम् ॥

જે જે સત્વ વિભુતિવાળું, સૌંદર્યવાળું, અથવા ઉત્કર્ષવાળું હોય તે તે સર્વ મારા તેજના અંશથી ઉત્પન્ન થયેલું તું જાણ. ૪૧.

अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन ।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥

અથવા હે અર્જુન! એ બહુ જાણ્યાથી તને શું લાભ છે? હું આ આખા જગતને એક અંશથી ધરી રહ્યો છું, અર્થાત સંપૂર્ણ વિશ્વમાં અંશરૂપે હુંજ વ્યાપી રહેલો છું. ૪૨.

અધ્યાય ૧૪ મો.

શ્રીભગવાનુવાચ

परं भूयः प्रवक्ष्यामि ज्ञानानां ज्ञानमुत्तमम् ।
यज्ज्ञात्वा मुनयः सर्वे परां सिद्धिमितो गताः ॥

શ્રી ભગવાન કહે છે કે-હું ફરીને તને જ્ઞાનોમાં ઉત્તમ એવું જ્ઞાન કહું છું જે જાણીને સર્વ મુનિઓ પરા ગુણવાળી સિધ્ધિને પામ્યા છે.

इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः ।
सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च ॥

આ જ્ઞાનનો આશ્રય કરીને મારી સમાન ધર્મતાને પામેલા યોગીઓ સૃષ્ટિની ઉત્પત્તિ વખતે જન્મ લેતા નથી, તથા પ્રલયકાલમાં વ્યથા પણ પામતા નથી. ૨.

मम योनिर्महद्ब्रह्म तस्मिन्गर्भं दधाम्यहम् ।
संभवः सर्वभूतानां ततो भवति भारत ॥

હે ભારત! મહદ્બ્રહ્મ મારૂં ઉત્પત્તિ સ્થાન છે, તેમાં હું ચેતનરૂપી ગર્ભને મૂકું છું તેથીજ સર્વ ભૂતોની ઉત્પત્તિ થાય છે. ૩.

सर्वयोनिषु कौन्तेय मूर्तयः संभवन्ति याः।
तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिता ॥

હે કૌંતેય! સર્વ સ્થાનમાં જે મૂર્તિવાળાં શરીરો ઉત્પન્ન થાય છે, તેની માતા મહદ્બ્રહ્મ અને બીજદાતા પિતા હું છું. ૪.

અધ્યાય ૧૫ મો.

—:०:—

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।
मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति।।

જીવલોકમાં મારો સનાતન અંશજ જીવ-થયો છે, પ્રકૃતિમાં રહેલી પાંચ ઇંદ્રિયો અને છઠ્ઠું મન એ ઇંદ્રિયોને ખેંચે છે. ૭.

यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् ।
यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम्।।

સૂર્યમાં રહેલું જે તેજ છે તથા ચંદ્રમામાં રહેલું જે તેજ છે, તથા અગ્નિમાં રહેલું જે તેજ છે, જે આખા જગતને પ્રકાશ કરે છે તે તેજને તું મારૂં તેજ જાણ. ૧૨.

गामाविश्य च भूतानि धारयाम्यहमोजसा।
पुष्णामि चौषधीःसर्वाःसोमो भूत्वा रसात्मकः

પૃથ્વીમાં પેસીને બળવડે સર્વ ભૂતોને હું ધારણ કરૂં છું, તથા હું રસરૂપ ચન્દ્રમા થઇને સર્વ ઓષધિનું પોષણ કરૂં છું. ૧૩.

अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः
प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम्॥

હું જઠરાગ્નિ થઇને પ્રાણીના દેહને અવલંબી રહ્યો છું. પ્રાણ અને અપાન વાયુથી બરાબર રીતે યુક્ત થઇને ચાર પ્રકારના અન્નને પચન કરનાર પણ હું જ છું. ૧૪.

सर्वस्य चाहं हृदि संनिविष्टो
मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ।

वेदैश्च सर्वैरहमेव वेद्यो
वेदान्तकृद्वेदविदेव चाहम् ॥ १५ ॥

હું સર્વના હૃદયમાં રહેલો છું, મારા થકી સ્મૃતિ, જ્ઞાન અને વિસ્મૃતિ થાય છે. સર્વ વેદોવડે જાણવા યોગ્ય હું જ છું, વેદાંત વેદનો નિશ્ચય કરનાર શાસ્ત્રોનો કર્તા તથા વેદોને જાણનારો પણ હું જ છું. ૧૫

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः॥

જેથી હું ક્ષરથી પર છું તથા અક્ષર બ્રહ્મથી પર ઉત્તમ છું, એટલા માટે લોકમાં તથા વેદમાં પુરુષોત્તમ નામથી પ્રસિદ્ધ થયેલ છું. ૧૮

અધ્યાય ૬ ઠો.

—:o:—

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति॥

જે મને સર્વત્ર જુએ અને મારામાં સર્વને જુએ, તેને હું જોતો બંધ થતો નથી તેમ તે મને પણ જુએ છે. ૩૦

योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना।
श्रद्धावान्भजते यो मां स मे युक्ततमो मतः॥

સર્વે યોગીઓમાં પણ મને પોતાનો અંતરાત્મા અર્પી જે શ્રધ્ધાળુ આચાર્યના ઉપદેશમાં આસ્થાવાળો થઇ મને ભજે છે, તેને મેં યોગીઓમાં ઉત્તમ ગણ્યો છે. ૪૭



અધ્યાય ૭ મો.

—:o:—

मत्तः परतरं नान्यत्किंचिदस्ति धनंजय ।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥

હે ધનંજય ! મારાથી શ્રેષ્ઠ બીજું કોઇ નથી, દોરામાં મણકાની પેઠે આ બધું વિશ્વ મારામાં પરોવાયેલું છે. ૭

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥

આ મારી ત્રિગુણમયી દૈવી માયા દુરતર છે, જે મારેજ શરણે આવે છે તેઓ, એ માયાને તરી જાય છે. ૧૪

जरामरणमोक्षाय मामाश्रित्य यतन्ति ये ।
तेब्रह्मतद्विदुःकृत्स्नमध्यात्मंकर्मचाखिलम् २९

જે મારો આશ્રય કરી જરા અને મરણ અનેથી છુટવા માટે યત્ન કરે છે, તે તત્ સંપૂર્ણ બ્રહ્મને જાણે છે, તેમ અધ્યાત્મને અને યજ્ઞાદિક કર્મને પણ જાણે છે. ૨૯

અધ્યાય ૮ મો.

अंतकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ॥
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः५

અંતકાળે જે મનેજ સંભારતો જે માણસ દેહ છોડે છે તે મારા ભાવને પામે છે, એમાં સંશય નથી. ૫

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युद्ध्य च ।
मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयम् ॥७॥

એટલા માટે સર્વ કાળે મારૂં સ્મરણ રાખ, તેમજ યુદ્ધ કર. મારામાં મન અને બુદ્ધિનું અર્પણ જેણે કરેલું છે એવો તું નિઃસંશય મનેજ પામીશ. ૭.

मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।
नाप्नुवंति महात्मानः संसिद्धिं परमां गताः १५

મને પામ્યા પછી પુનર્જન્મ, જે દુઃખનું સ્થાન તથા ક્ષણભંગુર છે તેને, પરમ સિદ્ધિ પામેલા મહાત્માઓ ફરીને પામતા નથી. ૧૫.

અધ્યાય ૯ મો.

—:o:—

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम्॥

હું સર્વ ભૂતોમાં સમાન છું, મને કોઇ પ્રિય

કે દ્વેષ નથી. જે મને ભક્તિપૂર્વક ભજે છે તે મારામાં છે અને હું તેનામાં છું. ૨૯.

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक्।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः॥

કોઇ મોટો દુરાચારી વ્યવહારથી વિરૂધ્ધ માણસ પણ જો અનન્ય ભાવથી મનેજ ભજતો હોય તો તેને સાધુ માનવો, કેમકે તે સારા નિશ્ચયવાળો છે. ૩૦.

क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति।
कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति॥

તે થોડાજ કાળમાં ધર્માત્મા થાય છે અને શાંતિ પામે છે. હે કૌંતેય! મારો ભક્ત કદી પણ વિનાશ પામતો નથી, એ તારે નિશ્ચય જાણવું. ૩૧.

मां हि पार्थ व्यपाश्रित्य
येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रा-
स्तेऽपि यान्ति परां गतिम् ॥ ३२ ॥

હે પાર્થ ! મારો આશ્રય કરનાર પાપિષ્ટ હોય, સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો હોય તોપણ તેઓ પરમ ગતિને પામે છે; ૩૨.

किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा।
अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम्॥

તો પછી પુણ્યાત્મા બ્રાહ્મણો, ભક્તો, અને પવિત્ર રાજર્ષિઓ માટે તો શું જ કહેવું ? માટે અનિત્ય અને નિરાનંદ એવો આલોક પામીને તું મને ભજ. ૩૩.

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥

તું મારામાં મન રાખનાર થા, મારો ભક્ત બન, મારૂં યજન કર અને મને નમન કર, એમ આત્માને હું પરાયણ કરવાથી તું મને પામીશ. ૩૪.

यान्ति देवव्रता देवान्पितॄन्यान्ति पितृव्रताः।
भूतानि यांति भूतेज्या यांति मद्याजिनोऽपिमाम्

દેવતાનું વ્રત કરનાર દેવલોકને પામે છે, પિતાનું યજન કરનાર પિતૃલોકને પામે છે, ભૂત પ્રેત અને રાક્ષસને યજનાર ભૂતને પામે છે અને મને યજનાર મને પામે છે. ૨૫.

અધ્યાય ૧૦ મો.



भूय एव महाबाहो शृणु मे परमं वचः ।
यत्तेऽहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया ।

શ્રી ભગવાન કહે છે કે-હે મહાબાહો! પુનઃ મારૂં પરમ વચન સાંભળ, જે સાંભળી પ્રસન્ન થનાર એવા તને, તારાજ હિતની ઇચ્છાથી હું કહું છું. ૧.

न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ।
अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः ॥

મારા પ્રભાવને દેવગણો અને મોટા ઋષિયો પણ જાણતા નથી, કેમકે સર્વ દેવો અને મોટા ઋષિયોનું આદિ કારણ હું પોતેજ છું. ૨.

यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम् ।
असंमूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते ॥

હું અજન્મા, અનાદિ અને લોકોનો મહેશ્વર છું એમ જે મને જાણે છે, તે મૃત્યુલોકમાં સંમોહથી રહિત થઇ સર્વ પાપોથી મુક્ત થાય છે. ૩

बुद्धिर्ज्ञानमसंमोहः क्षमा सत्यं दमः शमः ।
सुखं दुःखं भवो भावो भयं चाभयमेव च ॥

બુદ્ધિ, જ્ઞાન, અસંમોહ, ક્ષમા, સત્ય, દમ, શમ, સુખ, દુ:ખ, ઉત્પત્તિ, સત્તા, ભય, અભય અને; ૪

अहिंसा समता तुष्टिस्तपो दानं यशोऽयशः ।
भवन्ति भावा भूतानां मत्त एव पृथग्विधाः ॥

અહિંસા, સમતા, સંતોષ તપ, દાન, યશ અને અપયશ એ સર્વ જાતજાતના ભાવો પ્રાણીઓને મારાથી થાય છે. ૫.

महर्षयः सप्त पूर्वे चत्वारो मनवस्तथा ।
मद्भावा मानसा जाता येषां लोक इमाः प्रजाः ॥

સાત મહર્ષિયો, અને પૂર્વના ચાર મનુઓ મદ્ભાવ તથા મારા મનથી ઉત્પન્ન થયલા છે, કે જેમની આ સઘળી પ્રજા છે. ૬.

एतां विभूतिं योगं च मम यो वेत्ति तत्त्वतः ।
सोऽविकम्पेन योगेन युज्यते नात्र संशयः ॥

એ મારી વિભૂતિ અને યોગને અલૌકિક ઐશ્વર્યને જે તત્ત્વથી યથાર્થ જાણે છે, તે નિશ્ચલ યોગ પામે છે, એમાં કંઈજ સંદેહ નથી. ૭.

अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते ।
इति मत्वा भजन्ते मां बुधा भावसमन्विताः ॥

સર્વનો પ્રભવ-મૂળ હેતુ હું છું અને મારાથી સર્વ સૃષ્ટિચક્ર પ્રવર્તે છે, એમ જાણીને ભક્તિયુક્ત બુદ્ધિમાનો મને ભજે છે. ૮.

मच्चित्ता मद्गतप्राणा बोधयन्तः परस्परम् ।
कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च ॥

અંતઃકરણ, પ્રાણ તથા ઇન્દ્રિય મને સમર્પણ કરનાર મારા ભક્તો એકમેકને મારો ઉપદેશ કરતા તથા નિરંતર મારી કથા સંભળાવતા, સંતોષ પામે છે અને પરમાત્મામાં રમે છે. ૯.

तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।
ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ।

સર્વદા યોગયુક્ત અને પ્રીતિપૂર્વક મને ભજનારને હું પૂર્વે કહેલો બુદ્ધિયોગ આપું છું, જેથી તેઓ મારી સમીપ આવે છે. ૧૦.

तेषामेवानुकम्पार्थमहमज्ञानजं तमः ।
नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता ।

આત્મભાવવિષે રહેતો હું તેઓનું અજ્ઞાનથી થયેલું જે અંધારૂં છે, તેને તેઓપર દયા આણીને પ્રકાશમાન જ્ઞાનરૂપી દીપકથી નષ્ટ કરૂં છું. ૧૧.

અધ્યાય ૧૧ મો.

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव ॥

હે પાંડવ! મારૂં કર્મ કરનાર, હુંજ જેને પરમ છું, સંગવર્જિત તથા સર્વ પ્રાણીઓ સાથે વેર નહિ રાખનાર, એવો જે મારો ભક્ત છે તે મને પામે છે. ૫૫.

અધ્યાય ૧૨ મો.

——:०:——

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः॥२॥

શ્રી ભગવાન કહે છે કે–જે નિત્યયુક્ત મારે વિષે મન રાખીને ઉત્કૃષ્ટ શ્રદ્ધાવાળા થઇ મને સેવે છે તેને હું યુક્તતમ કહું છું. ૨.

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते॥६
तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥

જેઓ સર્વ કર્મોને મારેવિષે અર્પણ કરી, મમ પરાયણ થઇ, અનન્ય યોગે કરીને મારૂં ધ્યાન ધરતા મનેજ ભજે છે અને હે પાર્થ!

મારામાં જેમનું મન હોય તેમનો મૃત્યુયુક્ત સંસારસાગરમાંથી હું ઉદ્ધાર કરૂં છું. ૬-૭.

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥

મનને મારામાં લગાડજે, બુદ્ધિને મારીઉપર રાખજે એટલે હવે પછી તું નિઃસંદેહ મારે-વિષે રહીશ. ૮.

अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ।
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनंजय ॥

હે ધનંજય! જો મારેવિષે તું ચિત્તને સ્થિર કરી ન શકે તો અભ્યાસયોગે કરીને મને પામવાની ઇચ્છા કર. ૯.

अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ।
मदर्थमपि कर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि ॥

કદાચિત્ અભ્યાસમાં પણ તું અસમર્થ હોય તો મમ પ્રીત્યર્થ કર્મ કરનારો થા. મારી પ્રીતિ-માટે કર્મો કરતાં પણ તું સિદ્ધિ પામીશ. ૧૦.

अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।
सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥

વળી મમ પ્રીત્યર્થ કર્મ કરવાને પણ તું અશક્ત હોય તો મારા યોગનો આશ્રય કરી, યતાત્મવાન્ એટલે મનને જીતનારો થઇ સર્વ કર્મોનાં ફળોનો ત્યાગ કર ૧૧.

श्रेयोहि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम्

અભ્યાસ કરતાં જ્ઞાન ખરેખર શ્રેષ્ઠ છે, જ્ઞાન કરતાં ધ્યાન વધારે ઉત્તમ છે અને ધ્યાનથી કર્મ ફળનો ત્યાગ ચઢે છે કેમકે તેથી તરતજ શાંતિ મળે છે. ૧૨.

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥
संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मे भक्तः स मे प्रियः ॥

સર્વ ભૂતોનો અદ્વેષી, મિત્ર અને દયાળુ, મમતારહિત, અહંકારરહિત, દુઃખસુખમાં સમાન ચિત્તવાળો, તેમજ ક્ષમાવાન, સંતોષી, યોગી સમાધિ ચિત્તવાળો, યતાત્મા, જીતેંદ્રિય, દૃઢનિશ્ચયી અને મારેવિષે જેણે મન બુદ્ધિ અર્પણ કરેલાં હોય એવો જે મારો ભક્ત છે તે મને પ્રિય છે. ૧૩–૧૪.

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥

જેનાથી લોકને ઉદ્વેગ થતો નથી, અને જે લોકથી ખેદ પામતો નથી. વળી જે હર્ષ ક્રોધ ભય અને ખેદથી મુક્ત છે તે મને પ્રિય છે. ૧૫.

अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः॥

અપેક્ષારહિત, પવિત્ર આચારવાળો, ચતુર, ઉદાસીન, વેદનારહિત અને સર્વ આરંભ કર્મનો જેણે પરિત્યાગ કરેલો હોય એવો જે મારો ભક્ત છે તે મને પ્રિય છે. ૧૬.

यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः ।

જે હરખાતો નથી કે દ્વેષ કરતો નથી, શોક કરતો નથી કે તૃષ્ણા રાખતો નથી. જે શુભ અને અશુભ સર્વ ક્રિયાનો પરિત્યાગ કરનારો છે તથા જે ભક્તિમાન છે તે મને બહુ પ્રિય છે. ૧૭.

समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः सङ्गविवर्जितः ॥

तुल्यनिन्दास्तुतिर्मौनी संतुष्टो येन केनचित्।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः॥

શત્રુ અને મિત્રમાં તેમજ માન અને અપમાનમાં જે સમાન વૃત્તિવાળો છે, શીત અને ઉષ્ણ તથા સુખ અને દુ:ખમાં જે સમચિત્તવાળો છે, જે સંગથી રહિત છે, જેને નિંદા અને સ્તુતિ સમાન છે, જે મૌનધારી હોઇ જે કંઇ મળે તેથી સંતોષ પામનાર છે, જે ઘરબાર વગરનો છે, સ્થિરબુદ્ધિવાળો, છે તથા ભક્તિમાન છે તે પુરુષ મને પ્રિય છે. ૧૮-૧૯.

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः॥

વળી જેઓ શ્રદ્ધાળુ મમ પરાયણ અને મારા ભકતો થઇ પૂર્વે કહેલા ધર્મયુક્ત અમૃતનું કહ્યા પ્રમાણે સેવન કરનાર છે તેઓ મને અત્યંત પ્રિય છે. ૨૦.

અધ્યાય ૧૮ મો.

—:o:—

मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ।
अथ चेत्त्वमहंकारान्न श्रोष्यसि विनंक्ष्यसि॥

મારેવિષે ચિત્ત રાખનાર તું, મારી કૃપાથી સર્વ દુર્ગો કામક્રોધાદિ કિલ્લાને ઓળંગી જઇશ. જો કદાપિ તું અહંકારથી આ ઉપદેશ સાંભળીશ નહિ તો વિનાશ પામીશ. ૫૮.

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे

મારેવિષે મન રાખનાર થા, મારો ભક્ત થા, મારૂં યજન કરનારો થા અને મને નમસ્કાર કર, તેથી તું જરૂર મને પામીશ. આ સત્ય પ્રતિજ્ઞા છે કેમકે તું મને પ્રિય છે. ૬૫.

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः॥

સર્વ ધર્મોનો પરિત્યાગ કરી એક મારેજ શરણે આવ. હું તને સર્વ પાપોથી છોડવીશ, શોક કરતો નહિ. ૬૬.



અધ્યાય ૧૧ મો.

———:o:———

न वेदयज्ञाध्ययनैर्न दानै-
र्न च क्रियाभिर्न तपोभिरुग्रैः।
एवंरूपः शक्य अहं नृलोके
द्रष्टुं त्वदन्येन कुरुप्रवीर ॥ ४८ ॥

વેદથી, યજ્ઞથી, અધ્યયનથી, દાનથી, ક્રિયાઓથી કે ઉગ્ર તપશ્ચર્યાઓથી પણ હે કુરુપ્રવીર! મનુષ્યલોકમાં તારાવિના બીજા કોઇથી આ રૂપે હું જોવાવો શક્ય નથી. ૪૮.



અધ્યાય ૧૭ મો.

—:०:—

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम्।

અમુક દાન દેવું જોઇએ, એમ ધારીને જે દાન દેશ, કાળ ને પાત્ર જોઇ અનુપકારી માણુસને દેવાય છે તે દાન સાત્ત્વિક કહેવાય છે.

अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते ।
असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम् ॥२२॥

જે દાન અપવિત્ર સ્થાનમાં અને અવિહિત કાળમાં અપાત્રોને સત્કાર વિના તથા અપમાન પૂર્વક અપાય છે તે તામસ કહેવાય છે.

यज्ञे तपसि दाने च स्थितिः सदिति चोच्यते ।
कर्म चैव तदर्थीयं सदित्येवाभिधीयते ॥२७॥

યજ્ઞમાં, તપમાં, તથા દાનમાંની સ્થિતિને પણ સત્ કહી છે તથા તે માટે જે કર્મ કરાય તે પણ સત્ એમ કહેવાય છે. ૨૭.

अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।
असदित्युच्यते पार्थ न च तत्प्रेत्य नो इह ॥

હે પાર્થ! અશ્રધ્ધાથી હોમેલું, દાન કરેલું, તપ તપેલું તથા જે કંઇ કર્યું હોય તે, અસત્ એમ કહેવાય છે. તે યજ્ઞ, દાન, અને તપ પરલોકમાં ફળદાતા થતાં નથી તથા આલોકમાં પણ ફલદાતા થતાં નથી. ૨૮.

અધ્યાય ૧૮ મો.

—:०:—

यज्ञदानतपः कर्म न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥

યજ્ઞ, દાન, અને તપ, એ સંબંધી કર્મો છોડવાં યોગ્ય નથી, તે તો કરવાનાંજ છે. યજ્ઞ, દાન તથા તપ એ કર્મો બુધ્ધિમાનોને પાવન કરનારાં છે. ૫.

एतान्यपि तु कर्माणि सङ्गं त्यक्त्वा फलानि च ।
कर्तव्यानीति मे पार्थ निश्चितं मतमुत्तमम् ॥

હે પાર્થ ! એ યજ્ઞ, દાન તથા તપાદિ કર્મો સંગ, આસક્તિ અને ફળોને છોડીને અવશ્ય કરવાં એવું મારૂં નિશ્ચિત ને ઉત્તમ મત છે. ૬.



એકાદશ સ્કંધ.

અધ્યાય ૭ મો.



एकद्वित्रिचतुष्पादो बहुपादस्तथाऽपदः ॥
बह्व्यः सन्ति पुरः सृष्टास्तासां मे पौरुषी प्रिया

એક, બે, ત્રણ અને ચાર પગવાળાં, ઘણાં પગવાળાં તથા, પગવિનાનાં ઘણાં શરીરો આ જગતમાં રચાયલાં છે, તેઓમાં બે પગવાળું મનુષ્યનું શરીર મને પ્રિય છે. ૨૨.

—— :o: ——

અધ્યાય ૧૦ મો.

—— :o: ——

निवृत्तं कर्म सेवेत प्रवृत्तं मत्परस्त्यजेत् ॥
जिज्ञासायां संप्रवृत्तो नाद्रियेत्कर्मचोदनाम् ४

મારી ભક્તિમાં પરાયણ રહેનારા પુરુષે સકામ કર્મો ત્યાગ કરવાં અને નિષ્કામ એવાં

નિત્ય તથા નૈમિત્તિક કર્મો જ કરવાં અને આત્મ-
તત્વમાં બરાબર રીતે પ્રવૃત્તિ થયા પછી, તે
નિત્ય અને નૈમિત્તિક કર્મોનો પણ આદર કરવો
નહી. ૪.

यमानभीक्ष्णं सेवेत नियमान्मत्परः क्वचित् ॥
मदभिज्ञं गुरुं शान्तमुपासीत मदात्मकम्॥५॥

વળી મારામાં પરાયણ થએલા પુરુષે નિત્ય
અહિંસા આદિક યમો આદરથી સેવવા અને
આત્માજ્ઞાનમાં વિરોધ આવે નહીં તેમ સ્નાના-
દિક નિયમો પણ પાળવા તથા મને જાણનારા,
મારારૂપ તથા શાંત ગુણવાળા ગુરુની ઉપા-
સના કરવી. ૫.

अमान्यमत्सरो दक्षो निर्ममो दृढसौहृदः ॥
असत्वरोऽर्थजिज्ञासुरनसूयुरमोघवाक् ॥६॥

ગુરુસેવા કરનારા પુરૂષે સરળ રહેવું, મત્સ-
રનો ત્યાગ કરવો, આળસનો ત્યાગ કરવો,

સ્ત્રી પુત્રાદિક ઉપર મમતા રાખવી નહીં, ગુરુ ઉપર ગાઢ પ્રેમ રાખવો, વ્યગ્રતાથી દૂર રહેવું, સત્ય વસ્તુ જાણવાની ઇચ્છા રાખવી, ઇર્ષ્યા રાખવી નહીં, વ્યર્થ બોલવું નહી. ૬.

जायापत्यगृहक्षेत्रस्वजनद्रविणादिषु ॥
उदासीनः समं पश्यन्सर्वेष्वर्थमिवात्मनः॥७

સ્ત્રી, સંતાન, ઘર, ક્ષેત્ર, કુટુંબી તથા ધન વિગેરેમાં ઉદાસીન રહેવું તથા એવો વિચાર કરવો કે, સર્વ શરીરમાં આત્મા એક હોવાથી, સર્વને પોતાનાં સ્ત્રી, પુત્રાદિકથી જે સુખ મળે છે, તે સુખ મનેજ મળે છે, માટે મારાં સ્ત્રી-પુત્રાદિક ઉપર શા માટે મમતા રાખવી? આવો વિચાર કરીને સ્ત્રી પુત્રાદિક ઉપર ઉદાસીન રહેવું અને ગુરુસેવા કરવી. ૭.

અધ્યાય ૧૧ મો.

—:o:—

विद्याविद्ये मम तनू विद्ध्युद्धव शरीरिणाम् ॥
मोक्षबन्धकरी आद्ये मायया मे विनिर्मिते ३

હે ઉદ્ધવ! દેહધારીઓને મોક્ષ આપનારી બ્રહ્મવિદ્યા અને બંધન કરનારી અવિદ્યા, આ બન્ને મારી અનાદિ કાળની શક્તિ છે અને તે મારી માયાવડે રચાયલી છે, એમ જાણજો. હું જ્યાં સુધી અજ્ઞાન ફેલાવું છું, ત્યાંસુધી જીવને બંધન રહે છે અને જ્ઞાન આપું છું ત્યારે મોક્ષ સ્ફુરે છે અર્થાત્ બંધ તથા મોક્ષમાં બંધ અનાદિ છે ત્યારે મોક્ષ નિત્ય છે. ૩.

गां दुग्धदोहामसतीं च भार्यां
देहं पराधीनमसत्प्रजां च ॥

वित्तं त्वतीर्थीकृतमङ्ग वाचं हीनां
मया रक्षति दुःखदुःखी ॥ १९ ॥

હે ઉદ્ધવજી! જે પુરુષ વસૂકી ગયેલી ગાયને, વેશ્યા સ્ત્રીને, ક્ષણે ક્ષણે દુઃખ આપનારા દેહને, આ લોક અને પરલોકનાં સાધનથી ભ્રષ્ટ થયેલા પુત્રને, સુપાત્રમાં ન આપતાં, પરંતુ અપયશ અને પાપના કારણભૂત ધનને, તથા મારું વર્ણન ન કરનારી વાણીને સંઘરે છે, તે પુરુષને મહા દુઃખી સમજવો. ૧૯.

यस्यां न मे पावनमङ्गकर्म
स्थित्युद्भवप्राणनिरोधमस्य ॥
लीलावतारेप्सितजन्म वा
स्याद्वन्ध्यां गिरं तां बिभृयान्न धीरः॥

હે ઉદ્ધવ! જે વાણીમાં આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલયરુપી મારા પવિત્ર કર્મનું

અથવા તો લીલાવડે ધારણ કરેલા અવતારોમાં લોકપ્રિય અવતારોનું વર્ણન ન હોય, તેવી વાંઝણી વાણીને જ્ઞાની પુરુષે ધારણ કરવી નહીં. ૨૦.

श्रद्धालुर्मे कथाः शृण्वन्सुभद्रा लोकपावनीः॥
गायन्ननुस्मरन्कर्म जन्म चाभिनयन्मुहुः २३॥
मदर्थे धर्मकामार्थानाचरन्मदपाश्रयः ॥
लभते निश्चलां भक्तिं मय्युद्धव सनातने २४

વળી હે ઉધ્ધવ! જે શ્રધ્ધાળુ પુરુષ પરમ કલ્યાણકારી તથા લોકોને પવિત્ર કરનારી મારી કથા સાંભળે, મારા જન્મો ને કર્મોનું વારંવાર સ્મરણ કરે તથા અનુકરણ કરે, ધર્મ, અર્થ તથા કામ મારી પ્રીતિ અર્થેજ સેવે અને મારો આશ્રય કરીને રહે, તે પુરુષને મારા સનાતન રુપ ઉપર નિશ્ચળ ભક્તિ થાય છે. ૨૩-૨૪.

आज्ञायैवं गुणान्दोषान्मयादिष्टानपि स्वकान् ।
धर्मान्संत्यज्य यः सर्वान्मां भजेत स सत्तमः ॥

વેદ મારુ સ્વરુપ છે અને તેણે ઉપદેશ કરેલા સ્વધર્મો પાળવાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે અને ન પાળવાથી તેમ થતું નથી, એમ જાણવા છતાં પણ તે સ્વધર્મો પ્રભુના ધ્યાનમાં વિક્ષેપ કરનાર છે, આમ ધારીને તથા ઉપર કહેલા ગુણો અને દોષો જાણીને મારા કહેલા સર્વ સ્વધર્મોનો ત્યાગ કરી, જે મને ભજે, તેને ઉત્તમ સાધુ જાણવો. ૩૨.

ज्ञात्वाज्ञात्वाथ ये वै मां
यावान्यश्चास्मि यादृशः ॥

भजन्त्यनन्यभावेन ते मे
भक्ततमा मताः ॥ ३३ ॥

હું કે જે દેશ કાલાદિકના માપથી રહિત છું, સર્વનો આત્મા છું, સચ્ચિદાનંદ છું, તેને જાણીને અથવા તો મનન આદિકથી સારી રીતે જાણીને એકાંત ભક્તિથી ભજે છે, તેઓને હું ઉત્તમ ભક્તો જાણું છું. ૩૩.

અધ્યાય ૧૧ મો.

—:o:—

मल्लिङ्गमद्भक्तजनदर्शनस्पर्शनार्चनम् ॥
परिचर्या स्तुतिः मद्गुणकर्मानुकीर्तनम् ॥ ३४

હવે હું ભક્તિનું લક્ષણ કહું છું તે સાંભળો. મારી મૂર્તિઓનાં તથા મારા ભક્તોનાં દર્શન કરવાં, સ્પર્શ કરવો તથા પૂજન કરવું. વળી

તેઓની સેવા કરવી, સ્તુતિ કરવી, તેઓની આગળ સરલતાથી રહેવું. તેઓના ગુણ અને કર્મોનાં વખાણ કરવાં. ૩૪.

मत्कथाश्रवणे श्रद्धा मदनुध्यानमुद्धव ॥
सर्वलाभोपहरणं दास्येनात्मनिवेदनम् ३८

હે ઉધ્ધવ! મારી કથા સાંભળવા ઉપર શ્રધ્ધા રાખવી, મારું ધ્યાન કરવું, જે કંઇ મળે, તે સર્વ મને અર્પણ કરવું, દાસપણાથી શરીર મને અર્પણ કરવું. ૩૫.

मज्जन्मकर्मकथनं मम पर्वानुमोदनम् ॥
गीतताण्डववादित्रगोष्ठीभिर्मद्गृहोत्सवः ३६

મારાં જન્મ તથા કર્મનું વર્ણન કરવું, મારા જન્માષ્ટમી આદિક ઉત્સવોને અનુમોદન આપવું; ગીત, નૃત્ય તથા વાજાં વગાડવાં અને સભાઓ કરીને મારા મંદિરમાં ઉત્સવ કરવો. ૩૬.

यात्रा बलिविधानं च सर्ववार्षिकपर्वसु ॥
वैदिकी तान्त्रिकी दीक्षा मदीयव्रतधारणम् ॥

વર્ષમાં જે જે ઉત્સવોનાં પર્વો આવે, તે તે પર્વે યાત્રા કરવી તથા મોટાં નૈવેદ્યો કરવાં. વેદની અથવા તો તંત્રની દીક્ષા ગ્રહણ કરવી, મારાં વ્રત ધારણ કરવાં. ૩૭

ममार्चास्थापने श्रद्धा स्वतः संहत्य चोद्यमः ॥
उद्यानोपवनाक्रीडपुरमन्दिरकर्मणि ॥ ३८ ॥

મારી મૂર્તિઓનાં સ્થાનમાં શ્રદ્ધા રાખવી તથા મારે માટે ફૂલનાં ને ફળનાં ઉપવનો કરવાં; વિહારસ્થાનો બાંધવામાં તથા નગર અને મંદિર બાંધવાના કામમાં શક્તિ હોય તો પોતે આશ્રય આપવો અને શક્તિ ન હોય તો બીજાઓની સાથે એકઠા થઇને ઉદ્યમ કરવો. ૩૮.

संमार्जनोपलेपाभ्यां सेकमण्डलवर्तनैः ॥
गृहशुश्रूषणं मह्यं दासवद्यदमायया ॥ ३९ ॥

કપટ વિના વાસીદું વાળવું, લીપવું, પાણી છાંટવું, મંડળો ભરવાં વિગેરે કર્મોથી દાસની પેઠે મારા મંદિરની સેવા કરવી. ૩૯.

अमानित्वमदम्भित्वं कृतस्यापरिकीर्तनम् ॥
अपि दीपावलोकं मे नोपयुञ्ज्यान्निवेदितम् ॥

અભિમાન રાખવું નહીં, દંભ રાખવો નહીં, કરેલું કામ ગાઈ બતાવવું નહીં, મને અર્પણ કરેલા સ્થાવર પદાર્થો, પોતે ઉપયોગમાં લેવા નહીં તેમજ બીજા દેવતાઓને અર્પણ કરેલા પદાર્થો મારી પૂજાના ઉપયોગમાં લેવા નહીં. ૪૦.

यद्यदिष्टतमं लोके यच्चातिप्रियमात्मनः ॥
तत्तन्निवेदयेन्मह्यं तदानन्त्याय कल्पते ॥४१

લોકમાં જે જે વસ્તુ પોતાને ઘણીજ ગમતી હોય તથા જે વસ્તુ પોતાને અત્યંત પ્રિય હોય, તે તે વસ્તુ મને નિવેદન કરવી. આ પ્રમાણે નિવેદન કરેલી તે વસ્તુ અનંત ફળ આપે છે. ૪૧.

स्थण्डिले मन्त्रहृदयैर्भोगैरात्मानमात्मनि ॥
क्षेत्रज्ञं सर्वभूतेषु समत्वेन यजेत माम् ॥४५

ગુપ્ત મંત્રોવડે પૃથ્વીમાં મારું પૂજન કરવું. જૂદા જૂદા ભોગો આપીને આત્મામાં મારું પૂજન કરવું. સર્વ પ્રાણીઓમાં હું ક્ષેત્રજ્ઞરૂપે રહેલો છું, તેનું સર્વત્ર સમદૃષ્ટિ રાખવાથી પૂજન કરવું. ૪૫.

धिष्ण्येष्वेष्विति मद्रूपं शङ्खचक्रगदाम्बुजैः ॥
युक्तं चतुर्भुजं शान्तं ध्यायन्नर्चेत्समाहितः ॥

આ સ્થાનોમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મને ધારણ કરનારા ચાર ભુજાવાળાં તથા શાંત એવાં મારાં સ્વરૂપનું ધ્યાન કરવું, જિતેંદ્રિય રહેવું, અને મંત્રમાં કહેલા વિધિ પ્રમાણે મારું પૂજન કરવું. ૪૬.

इष्टापूर्तेन मामेव यो यजेत समाहितः ॥
लभते मयि सद्भक्तिं मत्स्मृतिः साधुसेवया ॥

જે જિતેંદ્રિય પુરુષ યજન કરીને તથા વાવ કૂવા વિગેરે ખોદાવીને ઉપર કહ્યા પ્રમાણે મારું પૂજન કરે છે, તેને મારા ઉપર ઉત્તમ ભક્તિ થાય છે, અને ઉત્તમ ભક્તિવાળા સાધુ પુરુષની સેવાથી મારું જ્ઞાન મેળવે છે. ૪૭.

प्रायेण भक्तियोगेन सत्सङ्गेन विनोद्धव ॥
नोपायो विद्यते सध्यङ् प्रायणं हि सतामहम्

હે ઉધ્ધવ! ઘણું કરીને સત્સંગથી થતા ભકિતયોગ વિના સંસાર તરવાનો બીજો કોઇ ઉત્તમ ઉપાય નથી. હું સત્પુરુષોનો આશ્રય છું. માટે સત્પુરુષોનો સમાગમ કરવાથી મારી તુરત પ્રાપ્તિ થાય છે. ૪૮

अथैतत्परमं गुह्यं शृण्वतो यदुनन्दन ॥
सुगोप्यमपि वक्ष्यामि त्वं मे भृत्यः सुहृत्सखा

હે ઉધ્ધવ! તમે મારી પાસેથી સાંભળો છો, તેથી જ હું તમને અત્યંત રહસ્ય તથા સર્વથી ગોપ્ય એવો આ વિષય પણ કહીશ, કારણ કે તમે મારા દાસ, સંબંધી તથા મિત્ર છો. ૪૯.

અધ્યાય ૧૨ મો.

श्रीभगवानुवाच

नरोधमतिमां योगो न सांख्यं धर्म एव च ।
न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तन दीक्षिणा
व्रतानि यज्ञश्छन्दांसि तीर्थानि नियमा यमाः
यथावरुन्धे सत्सङ्गः सर्वसङ्गापहो हि माम् २

શ્રીભગવાન્ કહે છે-હે ઉધ્ધવ! સર્વ સંગોને ટાળનારો સત્સંગ જે પ્રમાણે મને વશ કરે છે, તે પ્રમાણે યોગ, તત્ત્વવિચાર, ધર્મ, વેદાધ્યયન તથા સંન્યાસ, યજ્ઞ, વાવ, કૂવા વિગેરે નવાણો ખોદાવવાં, દક્ષિણા, વ્રત, દેવપૂજા, મંત્રો, તીર્થો, નિયમો અને યમો મને વશ કરતાં નથી. ૧-૨.

सत्सङ्गेन हि दैतेया यातुधाना मृगाः खगाः।।
गन्धर्वाप्सरसो नागाः सिद्धाश्चारणगुह्यकाः ३

विद्याधरा मनुष्येषु वैश्याः

शूद्राःस्त्रियोऽन्त्यजाः ॥

रजस्तमःप्रकृतयस्तस्मिंस्त-

स्मिन्युगेऽनघ ॥ ४ ॥

દૈત્યો, રાક્ષસો, પશુઓ, પક્ષીઓ, ગંધર્વો, અપ્સરાઓ, નાગ લોકો, સિધ્ધ લોકો, ચારણો, યક્ષો, વિદ્યાધરો, મનુષ્યોમાં પણ વૈશ્યો, શૂદ્રો, સ્ત્રીઓ તથા ચાંડાલો કે જેઓ, રજોગુણી તથા તમોગુણી હતા, તેઓ, પણ તે તે યુગમાં, હે ઉધ્ધવ! કેવળ સત્સંગથીજ મને પામ્યા છે ૩-૪.

बहवो मत्पदं प्राप्तास्त्वाष्ट्रकायाधवादयः ॥

वृषपर्वा बलिर्बाणो मयश्चाथ विभीषणः॥५

सुग्रीवो हनुमानृक्षो गजो गृध्रो वणिक्पथः॥

व्याधः कुब्जा व्रजे गोप्यो यज्ञपत्न्यस्तथापरे॥

વળી વૃત્રાસુર, પ્રહલાદ, વૃષપર્વા, બળિરાજા, બાણાસુર, મયદાનવ, બિભીષણ, સુગ્રીવ, હનુમાન્, જાંબવાન્, ગજેન્દ્ર, જટાયુ પક્ષી, તુલાધાર વાણીઓ, ધર્મવ્યાધ, કુબ્જા, વ્રજની, ગોપીઓ, યજ્ઞ કરનારા બ્રાહ્મણોની સ્ત્રીઓ તથા તેવા બીજા પણ ઘણા સત્સંગથી મને પામ્યા છે. ૫-૬.

ते नाधीतश्रुतिगणा नोपासितमहत्तमाः ।
अव्रतातप्ततपसः सत्सङ्गान्मामुपागताः ॥७॥

આ લોકો વેદ ભણ્યા ન હતા. તેઓએ ભણવા માટે મહાત્માઓની સેવા પણ કરી ન હતી. તેમ તપ પણ કર્યું ન હતું, તો પણ સત્સંગથી મને પામ્યા હતા. ૭.

केवलेन हि भावेन गोप्यो गावो नगा मृगाः ।
येऽन्ये मूढधियो नागाः सिद्धा मामीयुरञ्जसा ॥
यं न योगेन सांख्येन दानव्रततपोऽध्वरैः ॥

व्याख्यास्वाध्यायसंन्यासैः
प्राप्नुयाद्यत्नवानपि ॥ ९ ॥

યોગથી, તત્ત્વવિચારથી, દાનથી, વ્રતથી, તપથી, યજ્ઞથી, વ્યાખ્યાનથી, વેદાધ્યયનથી તથા સંન્યાસ લેવાથી પણ મનુષ્ય પ્રયત્ન કરતાં છતાં પણ જે મને પ્રાપ્ત થતો નથી, તે મને ગોપીઓ, ગાયો, વૃક્ષો, મૃગો, નાગો તથા બીજા પણ મૂઢબુદ્ધિવાળા જીવો સત્સંગથી ઉત્પન્ન થયેલી એક ભક્તિવડે પરિશ્રમ વગર પ્રાપ્ત થયેલ છે. ૮-૯.

रामेण सार्धं मथुरां प्रणीते
श्वाफल्किना मय्यनुरक्तचित्ताः ॥
विगाढभावेन न मे वियोग-
तीव्राधयोऽन्यं ददृशुः सुखाय ॥१०॥

જે વખતે અક્રૂરજી મને બળદેવ સાથે મથુરા તેડી જવા લાગ્યા, તે વખતે જેઓનું ચિત્ત

દૃઢભાવથી મારે વિષે આસક્ત હતું, એવી ગોપીઓ વિરહને લીધે અત્યંત માનસિક દુઃખનો અનુભવ કરવા લાગી અને મારા વિના કોઇ પણ વસ્તુ તેઓએ સુખાકારી દીઠી નહીં. ૧૦.

तास्ताः क्षपाः प्रेष्ठतमेन नीता
मयैव वृन्दावनगोचरेण ।
क्षणार्धवत्ताः पुनरङ्ग तासां
हीना मया कल्पसमा बभूवुः ॥११॥

હે ઉદ્ધવ! વૃન્દાવનમાં ફરતો અત્યંત પ્રિય એવો જે હું, તેની સાથે રહેવાથી ગોપીઓ જે રાત્રિઓને અર્ધા ક્ષણની પેઠે ગાળી કાઢતી હતી, તે રાત્રિઓ મારો વિયોગ થવાથી ગોપીઓને એક કલ્પના જેવડી થઇ પડી હતી. ૧૧.

ता नाविदन्मय्यनुषङ्गबद्धधियः
स्वमात्मानमदस्तथेदम् ॥

यथा समाधौ मुनयोऽब्धितोये

नद्यः प्रविष्टा इव नामरूपे ॥ १२ ॥

સમાધિમાં બેઠેલા યોગીઓને જેમ પોતાનાં નામ તથા રૂપ જાણવામાં આવતાં નથી; તેમજ ગોપીઓ પણ મારે વિષે આસક્ત બુદ્ધિવાળી થઇને પતિ પુત્રાદિકનું, પોતાના દેહનું, આ લોકનું તથા પરલોકનું ભાન ભૂલી ગઇ હતી અને સમુદ્રમાં જેમ નદીઓ મળી જાય છે, તેમજ મારા સ્વરુપમાં લીન થઇ ગઇ હતી. ૧૨.

मत्कामा रमणं जारमस्वरूपविदोऽबलाः ॥

ब्रह्म मां परमं प्रापुः संगाच्छतसहस्रशः १३॥

આ પ્રમાણે મારી ઉપર પ્રીતિ રાખનારી સેંકડો અને હજારો અબળાઓ મારા સ્વરૂપથી અજાણી હતી અને મને જારરૂપે જાણતી હતી, તોપણ તેઓ સત્સંગથી મને પરબ્રહ્મને પામી ગઇ હતી ૧૩.

तस्मात्त्वमुद्धवोत्सृज्य चोदनां प्रतिचोदनाम्॥
प्रवृत्तं च निवृत्तं च श्रोतव्यं श्रुतमेव च १४॥
मामेकमेव शरणमात्मानं सर्वदेहिनाम्॥
याहि सर्वात्मभावेन मया स्या ह्यकुतोभयः १५

માટે હે ઉધ્ધવ! તમે શ્રુતિ, સ્મૃતિ, વિધિ, નિષેધ, પ્રવૃત્તિવાળું કર્મ, નિવૃત્તિવાળું કર્મ, સાંભળવા યોગ્ય તથા સાંભળેલું, એ સર્વનો ત્યાગ કરીને હું કે જે સર્વ પ્રાણીઓમાં એક આત્મારૂપ છું તેને, આખું વિશ્વ પરમાત્મારૂપ છે, આવા ભાવથી શરણે આવો અને મને પ્રાપ્ત થઇને સંસારના સર્વ ભયમાંથી છૂટા થાઓ. ૧૪-૧૫

અધ્યાય ૧૩ મો.

—:o:—

एतावान्योग आदिष्टो मच्छिष्यैःसनकादिभिः
सर्वतो मन आकृष्य मय्यद्धावेश्यते यथा १४॥

સર્વ વિષયોમાંથી મનને ખેંચીને સાક્ષાત્ મારા સ્વરૂપમાંજ પરિપૂર્ણ રીતે લગાડવું, તેનું નામ યોગ કહેવાય છે. આ પ્રમાણે મારા શિષ્ય સનકાદિકોએ કહ્યું છે. ૧૪.

एवं विमृश्य गुणतो मनसस्त्र्यवस्था
मन्मायया मयि कृता इति निश्चितार्थाः॥
संछिद्य हार्दमनुमानसदुक्तितीक्ष्ण-
ज्ञानासिना भजत माखिलसंशयाधिम्

આ રીતે મનની જે ત્રણ અવસ્થાઓ થાય છે, તે ગુણોથી થાય છે અને મારી માયાને લીધેજ મારે વિષે કલ્પી કાઢેલી છે, આવો

વિચાર કરીને તમે આત્માનાં સ્વરૂપનો નિશ્ચય કરો અને અનુમાનોથી તથા સદ્‌ગુરૂના ઉપદેશથી સજ્જ કરેલી જ્ઞાનરૂપી તરવારવડે સર્વ સંશયના નિવાસરૂપ અહંકારનો નાશ કરીને હૃદયમાં રહેલા મને ભજો ૩૩.

मयैतदुक्तं वो विप्रा गुह्यं यत्सांख्ययोगयोः॥
जानीतमागतं यज्ञं युष्मद्धर्मविवक्षया ॥३८॥

હે બ્રાહ્મણો! સાંખ્ય તથા યોગમાર્ગનું જે રહસ્ય હતું, તે મેં તમને કહી બતાવ્યું. હું વિષ્ણુ છું અને તમને જ્ઞાનનો તથા ધર્મનો ઉપદેશ આપવા માટે આવ્યો છું, એમ જાણજો. ૩૮.

अहं योगस्य सांख्यस्य सत्यस्यर्तस्य तेजसः
परायणं द्विजश्रेष्ठाः श्रियः कीर्तेर्दमस्य च ॥

હે ઉત્તમ બ્રાહ્મણો! યોગસાંખ્ય, જાણવામાં આવતો ધર્મ, પાળવામાં આવતો ધર્મ, પ્રભાવ લક્ષ્મી, કીર્તિ તથા જિતેંદ્રિયપણું, આ સર્વ સાધનોથી જે વસ્તુ પ્રાપ્ત કરવા યોગ્ય છે, તે વસ્તુ હું છું. ૩૯.

मां भजन्ति गुणाः सर्वे निर्गुणं निरपेक्षकम्॥
सुहृदं प्रियमात्मानं साम्यसाङ्गादयोऽगुणाः॥

હું નિર્ગુણ છું, મને કોઈ પણ જાતની અપેક્ષા નથી, સર્વનો બંધુ છું, આત્મા છું, પ્રિય છું અને ઇશ્વર છું, મારે વિષે સમદૃષ્ટિ, અસંગ આદિક સર્વ ગુણો રહેલા છે, માટે તમારે મારા ઉપર દૃઢ વિશ્વાસ રાખવો. ૪૦.

અધ્યાય ૧૪ મો.

—:o:—

मय्यर्पितात्मनः सभ्य निरपेक्षस्य सर्वतः ॥
मयात्मना सुखं यत्तत्कुतः स्याद्विषयात्मनाम्

હે સભ્ય ઉધ્ધવ! મારી ભક્તિ સર્વ કરતાં શ્રેષ્ઠ છે. મારે વિષે ચિત્ત રાખનારા તથા બીજા સર્વ વિષયો ઉપર તૃષ્ણા રહિત થયેલા પુરૂષને મારા પર આનન્દ સ્વરૂપની સ્ફુરણાથી જે સુખ મળે છે, તે સુખ વિષયોમાં લાગી રહેલા પુરૂષોને ક્યાંથી મળે? ૧૨.

अकिंचनस्य दान्तस्य शान्तस्य समचेतसः॥
मया संतुष्टमनसः सर्वाः सुखमया दिशः १३

બીજાઓને જ્યારે સાવધિક સુખ મળે છે, ત્યારે મારા ભક્તને સંપૂર્ણ સુખ મળે છે કોઇ પણ વસ્તુની દરકાર ન કરનારા, અંતરિંદ્રિયોનો

નિગ્રહ કરનારા, શાંત, સમદૃષ્ટિવાળા અને મારા ધ્યાનવડેજ મનમાં સંતોષ રાખનારા પુરૂષને સર્વ દિશાઓ સુખકારી થઇ પડે છે. ૧૩.

न पारमेष्ठ्यं न महेन्द्रधिष्ण्यं
न सार्वभौमं न रसाधिपत्यम् ॥
न योगसिद्धीरपुनर्भवं वा
मय्यर्पितात्मेच्छति मद्विनान्यत् १४

મારે વિષે મનને અર્પણ કરનારા ભકત જનો મારા વિના બીજા બ્રહ્માની પદવીને, ઇન્દ્રના આસનને, ચક્રવર્તીપણાને, પાતાલનાં રાજ્યને, પોતાની સિદ્ધિઓને અથવા તો મુક્તિને, એમ કોઇ પણ પદાર્થને ઇચ્છતા નથી. ૧૪.

न तथा मे प्रियतम आत्मयोनिर्न शंकरः ॥
न च संकर्षणो न श्रीर्नैवात्मा च यथा भवान्

હે ઉધ્ધવ! મને આપ જેવા પ્રિય લાગો છો, તે પ્રમાણે બ્રહ્મા મારા પુત્ર છતાં પણ પ્રિય

લાગતા નથી શંકર મારા સ્વરૂપ છતાં પણ મને પ્રિય લાગતા નથી, બલભદ્ર ભાઇ છતાં પણ મને પ્રિય લાગતા નથી, લક્ષ્મી પ્રિય પત્ની છતાં પણ મને પ્રિય લાગતાં નથી, તેમજ મને મારૂં પોતાનું શરીર પણ પ્રિય લાગતું નથી. ૧૫.

निरपेक्षं मुनिं शान्तं निर्वैरं समदर्शनम् ॥
अनुव्रजाम्यहं नित्यं पूयेयेत्यङ्घ्रिरेणुभिः १६

હું તૃષ્ણા વિનાના, શાંત, વૈર વિનાના અને સમદૃષ્ટિવાળા મારા ભક્તના ચરણની રજવડે મારા આત્માને પવિત્ર કરૂં, એવી ઇચ્છાથી પાછળ પાછળ ફરૂં છું. ૧૬.

निष्किंचना मय्यनुरक्तचेतसः
शान्ता महान्तोऽखिलजीववत्सलाः ॥
कामैरनालब्धधियो जुषन्ति
यत्तन्नैरपेक्ष्य न विदुः सुखं मम ॥१७॥

કોઈ પણ વસ્તુનો સંગ્રહ ન કરનારા, મારા ઉપર સ્નિગ્ધ મન રાખનારા, શાંત, નિરભિમાની, સર્વ જીવો ઉપર પ્રેમ રાખનારા તથા વિષયોએ જેઓનાં મનનો સ્પર્શ કર્યો નથી, એવા મારા ભકતો મને પ્રસન્ન કરે છે, તેઓ જ નિષ્કામ સુખને જાણે છે, બીજાઓ જાણતા નથી. ૧૭.

बाध्यमानोऽपि मद्भक्तो विषयैरजितेन्द्रियः।
प्रायः प्रगल्भया भक्त्या विषयैर्नाभिभूयते॥

આ તો ઉત્તમ ભકતની વાત કહી, પરંતુ મારો પ્રાકૃત ભકત પણ કૃતકૃત્ય હોય છે. ઇન્દ્રિયાધીન મારા પ્રાકૃત ભક્તાને વિષયો પોતાના તરફ ખેંચે છે, તોપણ તે ઘણું કરીને સમર્થ એવા ભકિતવડે વિષયોથી પરાભવ પામતો નથી. ૧૮.

यथाग्निः सुसमृद्धार्चिः करोत्येधांसि भस्मसात्
तथा मद्विषया भक्तिरुद्धवैनांसि कृत्स्नशः १९

હે ઉધ્ધવ! મોટી ઝાળવાળો અગ્નિ જેમ કાષ્ઠને બાળીને ભસ્મ કરે છે, તેમ મારી ભકિત પણ સર્વ પાપોને બાળીને ભસ્મ કરે છે. ૧૯.

न साधयति मां योगो न सांख्यं धर्म उद्धव।
न स्वाध्यायस्तपस्त्यागो यथा भक्तिर्ममोर्जित

વળી વૃદ્ધિ પામેલી મારી ભક્તિ મને જે પ્રમાણે વશ કરે છે, તે પ્રમાણે મને યોગ, સાંખ્ય, ધર્મ, વેદાધ્યયન, તપ અથવા તો દાન પણ વશ કરતાં નથી ૨૦.

भक्त्याहमेकया ग्राह्यः
श्रद्धयात्मा प्रियः सताम् ॥

भक्तिः पुनाति मन्निष्ठा
श्वपाकानपि संभवात् ॥ २१ ॥

સર્વમાં પ્રિય આત્મારૂપ હું કેવળ શ્રદ્ધાથી કરેલી ભક્તિ વડેજ સત્પુરૂષને વશ થાઉં છું, તેમજ મારી ભક્તિ ચંડાળોને પણ જાતિદોષમાંથી પવિત્ર કરે છે. ૨૧.

धर्मः सत्यदयोपेतो विद्या वा तपसान्विता ॥
मद्भक्त्यापेतमात्मानं न सम्यक्मपुनाति हि ॥

સત્ય અને દયાવાળો ધર્મ તથા તપવાળી વિદ્યા પણ મારી ભક્તિથી રહિત ચિત્તને સંપૂર્ણ રીતે પવિત્ર કરતાં નથી. ૨૨.

कथं विना रोमहर्षं द्रवता चेतसा विना ॥
विनानन्दाश्रुकलया शुध्येद्भक्त्या विनाशयः॥

શરીરમાં જ્યાંસૂધી રૂવાડાં ઉભાં થાય નહીં, ચિત્ત પીગળી જાય નહીં તથા આનંદાશ્રુનાં ટીપાંઓ

પડે નહી, ત્યાંસૂધી ભક્તિ કેવી રીતે જાણ-
વામાં આવે? અને ભક્તિવિના અંતઃકરણ કેવી
રીતે શુધ્ધ થાય? ૨૩.

वाग्गद्गदा द्रवते यस्य चित्तं
रुदत्यभीक्ष्णं हसति क्वचिच्च ॥
विलज्ज उद्गायति नृत्यते च
मद्भक्तियुक्तो भुवनं पुनाति ॥२४॥

જે પુરુષની વાણી ગળ ગળી થઇ જાય, મન
વારંવાર પીગળી જાય તથા જે પુરૂષ લજ્જા
મૂકીને કોઇ વેળા રડે, તો કોઇ વેળા હસે,
કોઇ વેળા ઊંચા સ્વરથી ગાય તો કોઇ વેળા
નાચવા માંડે, તેને મારો ભક્ત જાણવો અને
તે મારી ભક્તિવાળો પુરૂષ જગતને પવિત્ર
કરે છે. ૨૪.

यथाग्निना हेम मलं जहाति
ध्मातं पुनः स्वं भजते च रूपम् ॥
आत्मा च कर्मानुशयं विधूय
मद्भक्तियोगेन भजत्यथो माम्॥२५॥

સુવર્ણ જેમ અગ્નિમાં તપાવવાથી પોતાના મેલનો ત્યાગ કરે છે અને પાછું પોતાનાં મળ સ્વરૂપને પામે છે; તેમ ચિત્ત પણ મારી ભક્તિના યોગથી પોતાની કર્મવાસનાઓનો ત્યાગ કરીને પાછું મારારૂપ થાય છે. ૨૫.

यथायथात्मा परिमृज्यतेऽसौ
मत्पुण्यगाथाश्रवणाभिधानैः ॥
तथा तथा पश्यति वस्तु सूक्ष्मं
चक्षुर्यथैवाञ्जनसंप्रयुक्तम् ॥ २६ ॥

મારી પવિત્ર કથાઓ સાંભળવાથી તથા તેઓનું વર્ણન કરવાથી જેમ જેમ ચિત્ત સ્વચ્છ થતું જાય છે, તેમ તેમ સૂક્ષ્મ વસ્તુરૂપ પરબ્રહ્મ તેના જોવામાં આવે છે. દૃષ્ટાંતમાં જેમ જેમ આંજણ આંજવાથી નેત્ર નિર્મળ થતાં જાય છે, તેમ તેમ તે ઝીણી વસ્તુ જોઇ શકે છે. ૨૬.

विषयान्ध्यायतश्चित्तं विषयेषु विषज्जते ॥
मामनुस्मरतश्चित्तं मय्येव प्रविलीयते॥२७॥

જે મનુષ્ય વિષયોનું ચિંતન કર્યા કરે છે, તેનું ચિત્ત વિષયોમાં લાગી રહે છે, તેમ મારૂં સ્મરણ કરનારનું ચિત્ત મારે વિષે લાગી રહે છે ૨૭.

અધ્યાય ૧૫ મો.



सर्वासामपि सिद्धीनां हेतुः पतिरहं प्रभुः ॥
अहं योगस्य सांख्यस्य धर्मस्य ब्रह्मवादिनाम्

હું સર્વ સિધ્ધિઓનો પ્રભુ છું. કારણ કે હું તેઓની ઉત્પત્તિ તથા પાલન કરૂં છું. માત્ર સિદ્ધિઓનોજ નથી, પરંતુ મોક્ષનો, જ્ઞાનનો, જ્ઞાનનાં સાધનભૂત ધર્મનો અને ધર્મો-પદેશ કરનારા વેદવેત્તાઓનો પણ હું પાલન કરનારો તથા કારણરૂપ પ્રભુ છું. એટલા માટે સિદ્ધિઓ કરતાં પણ મને પ્રાપ્ત કરવો, એ ઉત્તમ છે. ૩૫.

अहमात्मान्तरो बाह्योऽनावृतः सर्वदेहिनाम्॥
यथा भूतानि भूतेषु बहिरन्तः स्वयं तथा ॥

હું સર્વ પ્રાણીઓનો આત્મા છું: કારણ કે અંતર્યામી છું, પરન્તુ તેથી હું કંઇ પરિચ્છિન્ન થઇ જતો નથી કારણ કે હુ બહાર પણ છું. આ પ્રમાણે અંદર તથા બહાર રહેવાથી મને કોઇ પણ જાતનું આવરણ થતું નથી હું અંદર તથા બહાર કેવી રીતે રહ્યો છું, તેનાં દૃષ્ટાંત આપું છું તે સાંભળો:-જરાયુજ, સ્વેદજ, અંડજ તથા ઉદ્‌ભિજ્જ, આ ચારમાં જેમ પાંચ ભૂતો અંદર રહેલાં છે, તેમજ બહાર પણ રહેલાં છે. તેમ હું પોતે સર્વ પ્રાણીઓના અંદર પણ વ્યાપક છું અને બહાર પણ વ્યાપક છું, તેથી હું સર્વનો પ્રભુ કહેવાઉં છું. ૩૬.

અધ્યાય ૧૭ મો.

——:૦:——

श्रीभगवानुवाच

धर्म्य एषतवप्रश्नौनैः श्रेयसकरो नृणाम् ।
वर्णाश्रमाचारवां तमुद्धवनिबोध मे ॥

શ્રીભગવાન્ બોલ્યા-હે ઉધ્ધવ? વર્ણ અને આશ્રમ ધર્મ પાળનારા તથા આશ્રમ ધર્મથી રહિત એવા મનુષ્યોને ભક્તિ ઉપર શ્રધ્ધા કરાવવા માટે તમે પૂછો છો તે. તમારો પ્રશ્ન ધર્મવાળો છે, તેથી યોગ્ય છે. માટે તમે તમારા પ્રશ્નનો ઉત્તર મારી પાસેથી સાંભળો. ૯

आदौ कृतयुगे वर्णो नृणां हंस इति स्मृतः॥
कृतकृत्याः प्रजा जात्या तस्मात्कृतयुगं विदुः
वेदः प्रणव एवाग्रे धर्मोऽहं वृषरूपधृक् ॥
उपासते तपोनिष्ठा हंसं मां मुक्तकिल्बिषाः

પૂર્વે સત્ય યુગના વારામાં મનુષ્યનો હંસ નામનો એક જ વર્ણ હતો. એક ૐકાર જ વેદરૂપ હતો. ધર્મરૂપ ધારણ કરનારો હું ધર્મરૂપ હતો, તપમાં નિષ્ઠા રાખનારા તથા પાપ-રહિત લોકો મારી હંસનીજ ઉપાસના કરતા હતા, પ્રજા જન્મથીજ કૃતકૃત્ય હતી, એટલા માટે એ યુગ તે કૃતયુગ છે, એમ વિદ્વાનો જાણે છે. ૧૦-૧૧.

त्रेतामुखे महाभाग प्राणान्मे हृदयात्त्रयी ॥
विद्या प्रादुरभूत्तस्या अहमासं त्रिवृन्मुखः

તે પછી જૂદા જૂદા ધર્મો ત્રેતાયુગમાં આરંભાયા. હે મહાભાગ્યશાળી ઉદ્ધવ! ત્રેતાયુગમાં મારા હૃદયમાંથી નિઃશ્વાસરૂપે ત્રણ વેદરૂપી વિદ્યા ઉત્પન્ન થઈ અને તેમાંથી હોતા, ઉદ્‌ગાતા તથા અધ્વર્યુવાળો મારા સ્વરૂપે યજ્ઞ ઉત્પન્ન થયો. ૧૨.

विप्रक्षत्रियविट्शूद्रा मुखबाहूरुपादजाः ॥
वैराजात्पुरुषाज्जाता य आत्माचारलक्षणाः

મારા વિરાટ સ્વરૂપનાં મુખ, બાહુ, સાથળ તથા પગમાંથી અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, તથા શૂદ્રા એમ ચાર વર્ણ થયા છે. જેઓ પોતપોતાના આચાર ઉપરથી જૂદા જૂદા જણાય છે. ૧૩.

गृहाश्रमो जघनतो ब्रह्मचर्यं हृदो मम ॥
वक्षःस्थानाद्वने वासो
न्यासः शीर्षणि संस्थितः ॥ १४

મારા પેડુમાંથી ગૃહસ્થાશ્રમ અને હૃદયમાંથી બ્રહ્મચર્યાશ્રમ, વક્ષ:સ્થળમાંથી વાનપ્રસ્થાશ્રમ અને મસ્તકમાંથી સંન્યાસાશ્રમ ઉત્પન્ન થયો છે અને ત્યાં ત્યાં રહેલો છે. ૧૪.

वर्णानामाश्रमाणां च जन्मभूम्यनुसारिणीः॥
आसन्प्रकृतयो नृणां नीचैर्नीचोत्तमोत्तमाः

વર્ણ તથા આશ્રમવાળા મનુષ્યોના સ્વભાવો પોતાની જન્મભૂમિ સરખા થયા, એટલે ઉત્તમ અંગમાથી ઉત્તમ સ્વભાવવાળા થયા અને નીચ અંગમાંથી નીચ સ્વભાવવાળા થયા. ૧૫.

शमो दमस्तपः शौचं संतोषः क्षान्तिरार्जवम्॥
मद्भक्तिश्च दया सत्यं ब्रह्मप्रकृतयस्त्विमाः॥

શમ, દમ, તપ, પવિત્રતા, સંતોષ, ક્ષમા, સરળતા, મારી ભક્તિ, દયા તથા સત્ય, આ બ્રહ્મણ જાતિના સ્વભાવ છે. ૧૬.

तेजो बलं धृतिः शौर्यं तितिक्षौदार्यमुद्यमः ॥
स्थैर्यं ब्रह्मण्यतैश्वर्यं क्षत्रप्रकृतयस्त्विमाः १७

તેજ, બળ, ધૈર્ય, શૌર્ય, સહનશીલતા, ઉદારતા, ઉદ્યમ, સ્થિરતા, બ્રાહ્મણો તરફ માનદૃષ્ટિ અને ઐશ્વર્ય, આ ક્ષત્રિયોનો સ્વભાવ છે. ૧૭.

आस्तिक्यं दाननिष्ठा च अदम्भो ब्रह्मसेवनम्
अतुष्टिरर्थोपचयैर्वैश्यप्रकृतयस्त्विमाः ॥१८॥

આસ્તિકતા, દાન ઉપર નિષ્ઠા, નિષ્કપટપણું, બ્રાહ્મણોની સેવા તથા ધનની વૃદ્ધિ થતાં પણ અસંતોષ, આ વૈશ્યોના સ્વભાવ છે. ૧૮.

અધ્યાય ૧૯ મો.

ज्ञानिनस्त्वहमेवेष्टः स्वार्थो हेतुश्च संमतः ॥
स्वर्गश्चैवापवर्गश्च नान्योऽर्थो मदृते प्रियः २॥

જ્ઞાની પુરૂષને તો અપેક્ષિત ફળરૂપ, તેના સાધનરૂપ, વર્ગરૂપ તથા મોક્ષરૂપ, હું જ છું; મારા વિના તેને બીજો કોઇ પણ પદાર્થ પ્રિય નથી. ૨.

ज्ञानविज्ञानसंसिद्धाः पदं श्रेष्ठं विदुर्मम ॥
ज्ञानी प्रियतमोऽतो मे
ज्ञानेनासौ बिभर्ति माम् ॥ ३ ॥

જ્ઞાન તથા વિજ્ઞાનથી સિધ્ધ થયેલા પુરૂષો મારાં ઉત્તમ સ્થાનને જાણે છે અને જ્ઞાની પુરૂષ જ્ઞાનવડે મને ધારણ કરે છે. માટે તે મને ઘણો જ પ્રિય છે. ૩.

तपस्तीर्थं जपो दानं पवित्राणीतराणि च ॥
नालं कुर्वन्ति तां सिद्धिं या ज्ञानकलया कृता॥

જે ફળ જ્ઞાનના લેશથી થાય છે, તે ફળ તપ, તીર્થ જપ, દાન અથવા તો બીજા પવિત્ર પદાર્થો આપી શકતા નથી. ૪.

तस्माज्ज्ञानेन सहितं ज्ञात्वा स्वात्मानमुद्धव॥
ज्ञानविज्ञानसंपन्नो भज मां भक्तिभावतः ॥

માટે હે ઉદ્ધવ! તમે પોતાના આત્મારૂપ મને જ્ઞાનની સીમા સૂધી જાણી લઇ, જ્ઞાન તથા વિજ્ઞાન સંપન્ન થઇને ભક્તિથી મારૂં ભજન કરો અને બીજું સર્વ ત્યાગ કરો. ૫.

ज्ञानविज्ञानयज्ञेन मामिष्ट्वात्मानमात्मनि ॥
सर्वयज्ञपतिं मां वै संसिद्धिं मुनयोऽगमन् ६

હું સર્વ યજ્ઞોનો પતિ છું, આત્મા છું. તેનું પોતાને વિષે જ્ઞાન તથા વિજ્ઞાનરૂપ યજ્ઞથી યજન કરીને મુનિઓ મને સિધ્ધિ સ્વરૂપને પામ્યા છે. ૬.

भक्तियोगः पुरैवोक्तः प्रीयमाणाय तेऽनघ ॥
पुनश्च कथयिष्यामि मद्भक्तेः कारणं परम् १९

હે ઉદ્ધવ! મેં તમને પ્રથમ ભક્તિયોગ કહ્યો છે, તોપણ તમારી તે ઉપર પ્રીતિ છે, તેથી હું તમને ફરીને મારી ભક્તિ કેવી રીતે થાય, તેનાં ઉત્તમ સાધનો કહું છું. ૧૯.

श्रद्धामृतकथायां मे शश्वन्मदनुकीर्तनम् ॥
परिनिष्ठा च पूजायां स्तुतिभिः स्तवनं मम ॥

જેને મારી ભક્તિ સંપાદન કરવાની ઇચ્છા હોય તેણે મારા કથારૂપી અમૃત ઉપર શ્રધ્ધા રાખવી; કથા શ્રવણ કર્યા પછી નિત્ય મારૂં

કીર્તન કરવું, મારી પૂજામાં અત્યંત પ્રીતિ રાખવી ને સ્તોત્રોથી મારી સ્તુતિ કરવી; ૨૦.

आदरः परिचर्यायां सर्वाङ्गैरभिवन्दनम् ॥
मद्भक्तपूजाभ्यधिका सर्वभूतेषु मन्मतिः २१

મારી સેવામાં નિત્ય આદર રાખવો, સર્વ અંગોથી મને પ્રણામ કરવા, મારા ભકતોનો અધિક સત્કાર કરવો, સર્વ પ્રાણીઓ ઉપર મારી બુદ્ધિ કરવી; ૨૧.

मदर्थेष्वङ्गचेष्टा च वचसा मद्गुणेरणम् ॥
मय्यर्पणं च मनसः सर्वकामविवर्जनम् २२

મારે માટે જ સર્વ લૌકિક વ્યવહાર કરવો, વાણીથી મારા ગુણો ગાવા, મારે વિષે મન અર્પણ કરવું, સર્વ કામનાનો ત્યાગ કરવો; ૨૨.

मदर्थेऽर्थपरित्यागो भोगस्य च सुखस्य च ॥
इष्टं दत्तं हुतं जप्तं मदर्थं यद्व्रतं तपः ॥२३॥

મારે માટે ધનનો, ભોગનો અને સુખનો પણ ત્યાગ કરવો, યજ્ઞ, દાન, હોમ, જપ જે કંઈ કરવું તે મારે માટે કરવું. ૨૩.

एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् ॥
मयि संजायते भक्तिः
कोऽन्योऽर्थोऽस्यावशिष्यते ॥२४॥

હે ઉદ્ધવ! આ પ્રમાણે ધર્મોથી પોતાને અર્પણ કરનારા મનુષ્યોની, મારે વિષે ભક્તિ થાય છે અને પછી તેને બીજો કયો પદાર્થ મળવો અવશેષ રહે છે? કોઈ પણ રહેતો નથી. ૨૪.

नरकस्तम उन्नाहो बन्धुर्गुरुरहं सखे ॥
गृहं शरीरं मानुष्यं गुणाढ्यो
ह्याढ्य उच्यते ॥४२॥

કુંભીપાક વિગેરેને નરક જાણવું નહીં, પરંતુ તમોગુણની વૃધ્ધિને નરક સમજવું; ભાઇ વિગેરેને બંધુ સમજવા નહીં, પરંતુ મારારૂપ ગુરૂને બંધુ જાણવા; ઘરને ઘર જાણવું નહીં, પરંતુ મનુષ્યનાં શરીરને ઘર જાણવું; ધનવંતને ધનાઢ્ય જાણવો નહીં, પરંતુ ગુણવાનને ધનાઢ્ય જાણવો. ૪૩.

અધ્યાય ૨૦ મો.

—:०:—

नृदेहमाद्यं सुलभं सुदुर्लभं
प्लवं सुकल्पं गुरुकर्णधारम् ।।
मयानुकूलेन नभस्वतेरितं
पुमान्भवाब्धिं न तरेत्स आत्महा १७

આ મનુષ્યના દેહરૂપી એક નૌકા છે, તે સર્વ ફળોને આપનારૂં છે, ઘણુંજ દઢ છે,

અને કોટી ઉપાયોથી મળે નહીં તેવું છતાં, દૈવેચ્છાથી મળ્યું છે; તેમાં ગુરૂરૂપી કર્ણધાર (નાખોદા) છે અને અનુકૂલ પવનરૂપ જે હું તે મારાથી તે ચાલે છે. આવી નૌકાને મેળવીને જે પુરૂષ ભવસાગરને તરતો નથી, તેને આત્મ-હત્યા કરનારો જાણવો. ૧૭.

न मय्येकान्तभक्तानां गुणदोषोद्भवा गुणाः ॥
साधूनां समचित्तानां बुद्धेः परमुपेयुषाम् ३६

મારા અનન્ય ભક્ત, સમચિત્તવાળા તથા બુદ્ધિથી પણ પર એવા ઇશ્વરને પામેલા મહાત્મા પુરૂષોને વેદોક્ત કર્મ કરવાથી પુણ્ય થતું નથી અને નિષિદ્ધ કરેલાં કર્મો કરવાથી પાપ લાગતું નથી. ૩૬.

અધ્યાય ૨૧ મો.

—:o:—

भूम्यम्ब्वग्न्यनिलाकाशा
भूतानां पञ्च धातवः ॥
आब्रह्मस्थावरादीनां
शरीरं आत्मसंयुताः ॥ ५ ॥

શુદ્ધિ તથા અશુધ્ધિ આ વેદોક્ત છે, આમ ધારી તેના ઉપર અભિમાન રાખવું નહીં; કારણ કે સ્થાવરથી લઇને છેક બ્રહ્માપર્યંત સર્વના શરીરમાં ઉપાદાનના કારણ પૃથ્વી, જળ, તેજ, વાયુ તથા આકાશ, આ પાંચ ભૂતો છે, તથા આત્મા પણ સર્વમાં એકજ છે, માટે વસ્તુતાએ તો કોઇમાં પણ શુધ્ધતા કે અશુધ્ધતા નથી જ. ૫.

शब्दब्रह्म सुदुर्बोधं प्राणेन्द्रियमनोमयम् ॥
अनन्तपारं गम्भीरं दुर्विगाह्यं समुद्रवत् ३९

જો કે જૈમિની વિગેરે વેદ જાણુવાનું અભિમાન રાખે છે, તો પણુ મારા વિના બીજો કોઇ વેદને અથવા તો તેના અર્થને યથાર્થ રીતે જાણુતો નથી; શબ્દબ્રહ્મનું સ્વરૂપ જાણુવું અથવા તો તેનો સંપૂર્ણુ અર્થ સમજવો; આ બહુજ કઠિણુ કામ છે. પરા, પશ્યંતી અને મધ્યમા એ શબ્દબ્રહ્મનું સૂક્ષ્મ સ્વરૂપ છે અને તે દેશથી તેમ કાળથી અપરિચ્છિન્ન છે, માટે તે જાણુવું ઘણું કઠિન છે. તેમ તેનો અર્થ જાણુવો, તે પણુ બહુજ કઠિન છે, કારણુ કે ઘણુાજ ગંભીર અને સમુદ્રની પેઠે છેડા વિનાના તથા અંદર જઇ શકાય નહીં તેવા છે. ૩૯.

किं विधत्ते किमाचष्टे किमनूद्य विकल्पयेत् ॥
इत्यस्या हृदयं लोके नान्यो मद्वेद कश्चन ४२

શબ્દબ્રહ્મનું સ્વરૂપ જેમ સ્વરૂપથી જાણવામાં આવતું નથી તેમ તેનો અર્થ પણ જાણવામાં આવતો નથી, માટે વૈખરીવાણીરૂપ વેદ કર્મકાંડમાં વિધિવાક્યોથી શું વિધાન કરે છે? ઉપાસના કાંડમાં મંત્રોથી કોને દર્શાવે છે અને બ્રહ્મકાંડમાં કઇ વસ્તુનો અનુવાદ કરીને નિષેધ કરે છે? આ વેદના તાત્પર્યને જગતમાં મારા વિના બીજો કોઇ પણ પુરૂષ જાણતો નથી. ૪૨

અધ્યાય ૨૨ મો.

॥ श्रीभगवानुवाच ॥

युक्तं च सन्ति सर्वत्र भाषन्ते ब्राह्मणा यथा॥
मायां मदीयामुद्गृह्य वदतां किं नु दुर्घटम् ४

શ્રીભગવાન્ કહે છે-બ્રાહ્મણો તત્ત્વના વિષયમાં જે વાતો કહે છે, તે સર્વ યુક્તિઓ છે. કારણ

કે મારી માયાનો અંગીકાર કરીને વાતો કરનારા પુરૂષોને કઇ વાત દુર્ઘટ હોય છે? કોઇ પણ હોતી નથી. ૪.

नैतदेवं यथात्थ त्वं यदहं वच्मि तत्तथा॥
एवं विवदतां हेतुं शक्तयो म दुरत्ययाः ॥

તું જે પ્રમાણે કહે છે તે પ્રમાણે નથી, પરંતુ હું કહું છું તે પ્રમાણે છે. આ પ્રમાણે તત્વોનાં મૂળ કારણ માટે બ્રાહ્મણો વિવાદ કરે છે. પરંતુ તેઓમાં ઉલ્લંઘન કરી શકાય નહીં તેવી સત્વાદિક અંતઃકરણની વૃત્તિરૂપે પરિણામ પામેલી મારી શક્તિઓ જ કારણ છે. ૫.

અધ્યાય ૨૪ મો.

मया संचोदिता भावाः सर्वे संहत्यकारिणः ।
अण्डमुत्पादयामासुर्ममायतनमुत्तमम् ॥ ९ ॥

આ સર્વે પદાર્થો મારી પ્રેરણાથી એકઠા મળ્યા અને પોતામાં શક્તિનો આવિર્ભાવ કર્યો, કે, તેઓએ મારૂં અંતર્યામીનું ઉત્તમ સ્થાનરૂપ એક ઇંડું ઉત્પન્ન કર્યું. ૯.

तस्मिन्नहं समभवमण्डे सलिलसंस्थितौ ।
मम नाभ्यामभूत्पद्मं विश्वाख्यं तत्र चात्मभूः

પાણીમાં રહેલાં તે ઇંડામાં હું નારાયણનું રૂપ ધારણ કરીને રહ્યો અને મારી નાભિમાંથી સ્વ લોકના કારણરૂપ વિશ્વ નામનું એક કમળ ઉત્પન્ન થયું, જે કમળમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા. ૧૦.

सोऽसृजत्तपसा युक्तो रजसा मदनुग्रहात् ॥
लोकान्सपालान्विश्वात्मा भूर्भुवः
स्वरिति त्रिधा ॥ ११ ॥

રજોગુણી તથા જગતના કારણરૂપ તે બ્રહ્માએ મારા અનુગ્રહથી તપ કરીને લોકપાળો સાથે ભૂલોક (પૃથ્વી સાથે પાતાળ), ભુવર્લોક (અંતરિક્ષ), સ્વર્ગલોક (સ્વર્ગલોકથી તે બ્રહ્મલોક સુધી) એમ ત્રણ લોકને રચ્યા. ૧૧.

देवानामोक आसीत्स्वर्भूतानां
च भुवः पदम् ॥
मर्त्यादीनां च भूर्लोकः
सिद्धानां त्रितयात्परम् ॥ १२ ॥

તેઓમાં સ્વર્ગલોક દેવતાઓનું સ્થાન થયું, ભુવર્લોક ભૂતાદિકનું સ્થાન થયું, ભૂર્લોક મનુષ્ય

વિગેરેનું સ્થાન થયું અને જ્ઞાનીઓનું એ ત્રણ લોકોની ઉપર પરબ્રહ્મરૂપ સ્થાન થયું. ૧૨.

अधोऽसुराणां नागानां भूमेरोकोऽसृजत्प्रभुः
त्रिलोक्यां गतयः सर्वाः
कर्मणां त्रिगुणात्मनाम् ॥ १३ ॥

અસુરો તથા નાગોને માટે સમર્થ એવા બ્રહ્માએ પૃથ્વી નીચે પાતાળમાં સ્થાન રચ્યું. આ રીતે ત્રિગુણાત્મક કર્મ કરનારાઓની સર્વ ગતિઓ આ ત્રણ લોકમાં જ થાય છે, તેથી ઉપરના લોકમાં થતી નથી. ૧૩.

અધ્યાય ૨૭ મો.

—:૦:—

प्रतिष्ठया सार्वभौमं सद्मना भुवनत्रयम् ॥
पूजादिना ब्रह्मलोकं त्रिभिर्मत्साम्यतामियात्

મારી પ્રતિષ્ઠા કરવાથી ચક્રવર્તિપણાંને પામે, મારાં મંદિરમાં ક્ષેત્રાદિક આપવાથી ત્રણ લોકનાં રાજ્યને પામે, મારી પૂજાદિક કરવાથી બ્રહ્મલોકને પામે અને તે ત્રણે કરવાથી મારા સમાનપણાને પામે છે ૫૨.

मामेव नैरपेक्ष्येण भक्तियोगेन विन्दति ॥
भक्तियोगं स लभत एवं यः पूजयेत माम् ॥

ઉપર જે કહ્યું તે સકામ ભક્તને માટે કહ્યું છે. જે પુરૂપ નિષ્કામ એવા ભક્તિયોથી મારી પૂજા કરે છે, તે મનેજ પામે છે તથા ભક્તિ-યોગને પણ પામે છે. ૫૩.

———

અધ્યાય ૨૯ મો.

—:o:—

श्रीभगवानुवाच–हन्त ते कथयिष्यामि
मम धर्मान्सुमङ्गलान् ॥
यान् श्रद्धयाचरन्मर्त्यो
मृत्युं जयति दुर्जयम् ॥ ८ ॥

શ્રીભગવાન્ બોલ્યા–હે પરમ પ્રિય ઉદ્ધવ! હવે હું તમને મારા ઘણાજ મંગળમય ધર્મો કહું છું, કે જે ધર્મોને શ્રદ્ધાથી પાળનારો મનુષ્ય બીજા ઉપાયેથી જિતી શકાય નહીં તેવા સંસારને જિતે છે. ૮.

कुर्यात्सर्वाणि कर्माणि मदर्थं शनकैः स्मरन् ॥
मय्यर्पितमनश्चित्तो मद्धर्माऽऽत्ममनोरतिः ९॥

મારૂં સ્મરણ કરતાં કરતાં સર્વ કર્મો મારે માટેજ કરવાં અને ધીરે ધીરે મનને તથા ચિત્તને

મારે વિષે લગાડવાં, તથા મારા ધર્મો ઉપરજ મનની તથા ચિત્તની પ્રીતિ રાખવી. ૯.

देशान्पुण्यानाश्रयेत मद्भक्तैः साधुभिः श्रितान्
देवासुरमनुष्येषु मद्भक्ताचरितानि च १०

મારા ભકતોએ અને મહાત્માઓએ સેવેલા પવિત્ર દેશોમાં નિવાસ કરવો; દેવો, અસુરો તથા મનુષ્યોમાં ઉત્પન્ન થયેલા મારા ભકતોનાં આચરણોને અનુસરવું. ૧૦.

य एतन्मम भक्तेषु संप्रदद्यात्सुपुष्कलम् ॥
तस्याहं ब्रह्मदायस्य ददाम्यात्मानमात्मना ॥

વળી જે પુરૂષ મારા ભકતોને આ જ્ઞાન સંપૂર્ણ સંભળાવે, તે બ્રહ્મવિદ્યાના ઉપદેશ કરનારાને હું પોતે, મારૂં પોતાનું સ્વરૂપ આપું છું. ૨૬.

मर्त्यो यदा त्यक्तसमस्तकर्मा निवे-
दितात्मा विचिकीर्षितो मे ॥
तदामृतत्वं प्रतिपद्यमानो
मयात्मभूयाय च कल्पते वै ॥३४॥

મનુષ્ય જ્યારે સર્વ કર્મો ત્યાગ કરીને પોતાનો આત્મા મને અર્પણ કરે છે, ત્યારે મને તેનું પરમ કલ્યાણ કરવાની ઇચ્છા થઇ કે, તે મનુષ્ય બ્રહ્મવેત્તાપણું પામતો થકો મારી સાથે એકતા પામવા માટે સમર્થ થાય છે. ૩૪.



જાહેર ખબર.



[illegible]
[illegible]

[illegible]

[illegible] મોકલો.

[illegible] —

શ્રી [illegible] બુકસેલર,
ઠે. [illegible], મુંબઈ [illegible]

[illegible]
[illegible]

[illegible]

૧ [illegible]
૨ [illegible]
૩ [illegible]
૪ [illegible]
૫ [illegible]
૬ [illegible]
૭ [illegible]
૮ [illegible]
૯ [illegible]
૧૦ [illegible]
૧૧ [illegible]
૧૨ [illegible]
૧૩ [illegible]
૧૪ [illegible]

[illegible]

[illegible]